RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 6 * Issue No. 199* Date: 17.05.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### લૉકડાઉનથી ત્રાસીને લાચાર-બેબસ શ્રમિકોને રસ્તામાં જ કાળ કોળિયો બન્યો

# ઘરે પહોંચવાની ઈચ્છા અધૂરીઃ ૩૦ શ્રમિકોના અકાળે મોત

*ન્યુ દિલ્હી,તા.૧૬*

સમગ્ર દેશમાં હાલમાં વૈશ્વિક મહામારી કોરોના વાયરસના સંક્રમણને ફેલાતું અટકાવવા માટે લૉકડાઉન ચાલી રહ્યું છે. લોકડાઉન-૩ની મુદતમાં વધારો કરીને આવતીકાલ ૧૮મીથી લોકડાઉન-૪ શરૂ થાય તે પહેલાં આજે યુપીના ઓરૈયામાં બનેલી એક દર્દનાક અને કમકમાટીભરી ઘટનામાં બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા ફરીદાબાદથી પોતાના વતન જઇ રહેલા શ્રમિકો પૈકી ૨૪ શ્રમિકો સ્થળ પર જ માર્યા ગયા હતા. તો મધ્યપ્રદેશમાં પણ આજે જ બનેલા એક અન્ય અકસ્માતમાં ૫ શ્રમિકો માર્યા ગયા હતા. આમ આજે એક જ દિવસમાં ૩૦ કરતાં વધારે લાચાર અને બેબસ શ્રમિકો માર્યા ગયા હતા. ઓરૈયા અને મધ્યપ્રદેશની ઘટનામાં ભોગ બનેલા આ કમભાગી શ્રમિકો ટ્રકમાં સવાર અન્ય શ્રમિકોની જેમ પોતાના ઘરે જઈને પેતાના પરિવારના સભ્યો સાથે રહેવાના સપનાઓ જોઇ રહ્યાં હતા ત્યારે વહેલી સવારે બનેલી ઘટનામાં માર્યા જતાં તેમના





સપનાઓ વેરવિખેર થઇ ગયા હતા. લોકડાઉનમાં એક અંદાજ પ્રમાણે ૧૦૦ જેટલા સ્થળાંતરિત શ્રમિકો કેટલાય કિ.મી. ગરમીમાં પગપાળા ચાલીને, કોઇ વાહનના અડફેટે આવીને કે પછી ભૂખમરાને કારણે માર્યા ગયા હોવાનો દાવો થઇ રહ્યો છે. જો કે ૮મી મે પછી કમસે કમ ૫૦ કરતાં તો વધારે શ્રમિકો રેલ અને માર્ગ અકસ્માતમાં માર્યા ગયા છે,જેનો કોઇ ઈન્કાર કરી શકે તેમ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને આ ઘટના પ્રત્યે દુખ વ્યક્ત કર્યું હતું. યુપી સરકારે આ ઘટનાની તપાસના આદેશો આપ્યા હતા.

૨૪મી માર્ચની અડધી રાતથી એકાએક રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જાહેર કરી દેવાતા અલગ અલગ રાજયમાં લાખો શ્રમિકો ફસાયેલા છે. લોકડાઉન-૨ શરૂ થયા બાદ આ ફસાયેલા પરપ્રાંતના શ્રમિકોના મનમાં પોતના ગામ જવાની લાગણી સર્જાતા હજારો મજૂરો રોડ વાટે પગપાળા સપરિવાર તો કોઇ એકલદોકલ પોતાના વતન પરત ફરી રહ્યા છે.. આ દરમિયાન રોડ અકસ્માતોની ઘટના પણ બની રહી છે. તાજેતરમાં મધ્ય પ્રદેશના ગુનામાં થયેલા ભીષણ અકસ્માત બાદ આજે શનિવારે ઉત્તર પ્રદેશના ઓરૈયામાં સવારે ગંભીર અકસ્માત થયો હોવાના સમાચાર પ્રાપ્ત થયા હતા.. અહીં ફરીદાબાદથી ૮૧ મજૂરોને લઈને આવી રહેલા એક ટ્રક સાથે બીજા ટ્રકની ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ૨૪ મજૂરોનાં ઘટનાસ્થળે જ મોત થઈ ગયા છે. જ્યારે ૩૫ લોકો ગંભીર રીતે ઘાયલ છે.

આ ઘટના ઉત્તર પ્રદેશના ઓરૈયામાં શનિવાર વહેલી સવારે બની હતી. જેમા ૨૪ મજૂરોના મોત થયા છે. મજૂરો ભરેલી ટ્રકે બીજી ટ્રકને ટક્કર મારી દીધી હતી. પોલીસના જણાવ્યા મુજબ મજૂરો ચૂનાથી ભરેલી ટ્રકમાં સવાર હતા. ચિરુહલી વિસ્તારમાં ઉભેલી અન્ય ટ્રક સાથે આ ટ્રક અથડાઈ હતી.

બનાવ ઓરૈયા પાસે ચિરહલી વિસ્તારમાં એક ઢાબા પાસે બન્યા હતો. પોલીસના જણાવ્યા મુજબ બન્ને ટ્રકમાં મજૂર સવાર હતા. દિલ્હીથી આવેલી ટ્રક ઢાબા પાસે રોકાયો હતો. અમુક લોકો ચા પીવા નીચે ઉતર્યા હતા. ત્યારે રાજસ્થાનથી આવતી ટ્રકે ટક્કર મારી હતી. તેમા ચૂનો ભર્યો હતો અને તેમા ૩૦ મજૂરો બેઠા હતા. જે લોક ચા પીવા નીચે ઉતર્યા હતા તે બચી ગયા. નજરે જોનારના કહ્યા મુજબ રાજસ્થાનથી આવી રહેલી ટ્રકના ડ્રાઈવરને ઝોકુ આવી ગયું હતું. બન્ને ટ્રકની ટક્કર પછી ચૂનાની થેલીઓ નીચે મજૂરો દટાયા હતા

મરનારમાં ૧૫ લોકોની ઓળખ થઈ ગઈ છે. તેમા સૌથી વધારે સાત મજૂરો ઝારખંડના છે. પશ્ચિમ બંગાળના ૪ મજૂર હતા. આ ઉપરાંત બિહાર અને ઉત્તર પ્રદેશના બે બે મજૂર હતા. બાકીના મરનાર લોકોની ઓળખ થઈ રહી છે . જયારે, ઓરૈયાના ડીએમ અભિષેક સિંહના જણાવ્યાં પ્રમાણે, અકસ્માત વહેલી સવારે ૩.૩૦ વાગ્યે થયો હતો. જેમા ૨૪ લોકોના મોત થયા છે અને ૨૦ ઘાયલ થયા છે. મોટાભાગના બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળના રહેવાસી છે. અકસ્માતમાં ઘાયલ એક વ્યક્તિએ જણાવ્યું હતું કે ટ્રકમાં ૪૦ લોકો સવાર હતા.

એક અન્ય વિગત પ્રમાણે, આ ઘટના શહર કોતવાલી ક્ષેત્રના મિહૌલી નેશનલ હાઈવેની છે. ફરીદાબાદથી ૮૧ મજૂરોને લઈને આવી રહેલા એક ટ્રકને ડીસીએમ ટ્રકે ટક્કર મારી દીધી હતી. મજૂરો ભરેલો ટ્રક રસ્તાની બાજુમાં ઊભો હતો. હાલ પોલીસ અને સ્વાસ્થ્ય કર્મીઓ બચાવ અને રાહત કામમાં જોડાયા છે.નોંધનીય છે કે ગુરુવારે મધ્ય પ્રદેશના ગુના જિલ્લા ખાતે ટ્રક અને બસ વચ્ચે થયેલા અકસ્માતમાં આઠ લોકોનાં મોત થયા હતા જ્યારે ૫૪ લોકો ઘાયલ થયા હતા. તમામ મૃતકો ઉત્તર પ્રદેશના હતા, જેઓ મહારાષ્ટ્રથી તેમના વતન પરત ફરી રહ્યા હતા

બીજી તરફ, મધ્યપ્રદેશમાં ફરી એક વાર રોડ અકસ્માત ની ઘટના બની છે જેમાં ૫ મજૂરો માર્યા ગયા હતા.. મધ્યપ્રદેશના સાગર વિસ્તારમાં આ રોડ અકસ્માત થયો છે. જેમાં ૫ મજૂરોની મોત થઇ છે અને લગભગ ૧૫ મજૂરો ઈજાગ્રસ્ત છે. તમામ મજૂરો ઉત્તર પ્રદેશના રહેવાસી છે. અને તે મહારાષ્ટ્રથી ઘરે પાછા જવા માટે ટ્રકમાં સવાર થયા હતા. ઈજાગ્રસ્ત મજૂરોને હાલ બંડા મોકલવામાં આવ્યા છે. જ્યાં તેમની સારવાર થઇ રહી છે. પોલીસ અને પ્રશાસનની ટીમ હાલ દુર્ઘટના સ્થળે પહોંચી છે. જ્યાં રાહત અને બચાવ કામ શરૂ કરવામાં આવ્યું છે. જે ટ્રકમાં મજૂરો સવાર હતા તેમાં પોલિથીનના બંડલ લદાયેલા હતા.દેશમાં કોરોના સંકટને કારણે ૨૪ માર્ચથી લોકડાઉન ચાલી રહ્યું છે. લોકડાઉનને કારણે દેશમાં ટ્રાન્સપોર્ટ સેવાઓ ઠપ્પ છે. જેના કારણે પ્રવાસી મજૂરોની મુશ્કેલી દિવસે ને દિવસે વધી રહી છે. સ્થિતિને જોતા હવે મજૂરો પલાયન કરવા મજબૂર બન્યા છે. આ ભયાનક સમયમાં દેશમાં અત્યાર સુધીમાં અનેક મજૂરો ચાલતા ચાલતા રોડ અને ટ્રેન અકસ્માતમાં માર્યા ગયા છે.

ગઈકાલે યૂપીના જાલૌનમાં જ પ્રવાસી મજૂરોથી ભરેલ ક્રૂઝર કારને કોઈ અજ્ઞાત વાહને ટક્કર મારી હતી. આ ઘટનામાં બે લોકોના મોત થયા હતા જ્યારે ૧૪ મજૂરો ઘાયલ થયા હાત. પ્રવાસી મજૂરો મુંબઈથી પરત ફરી રહ્યા હતા. ડીસીએમ ટ્રકમાં ૪૬ પ્રવાસી મજૂરો સવાર હતા.

### કોરોના સંકટ પર રાહુલ ગાંધીનો સરકાર પર પલટવાર

## સરકાર પેકેજ નહી મજૂરોના બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરેઃ રાહુલ ગાંધી

*ન્યુ દિલ્હી,તા.૧૬*

કોંગ્રેસ પાર્ટીના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ આજે લોકલ મીડિયા સાથે વાત કરી. તેનું સ્ટ્રીમિંગ તેમની યુટ્યુબ ચેનલ પર કરાયું. તેમણે કોરોના વાયરસ લોકડાઉનની વચ્ચે સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા પેકેજ પર પ્રશ્ન ઉભો કર્યો. તેમણે કહ્યું કે અત્યારે લોકોના હાથમાં પૈસા હોવા જોઇએ. રાહુલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી કે તેઓ અસ્થાયી રીતે પણ ન્યાય યોજનાને લાગૂ કરે. તેમણે કહ્યું કે ડાયરેક્ટ લોકોના ખાતામાં પૈસા મોકલવા જોઇએ. તેમણે કહ્યું કે સીધા રોકડ ટ્રાન્સફર, મનરેગાના કાર્ય દિવસ ૨૦૦, ખેડૂતોને પૈસા વગેરે અંગે મોદીજી એ વિચાર કરે, કારણ કે આ બધું હિન્દુસ્તાનનું ભવિષ્ય છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે બાળકને ઇજા પહોંચે છે તો મા તેને લોન આપતી નથી પરંતુ રાહત માટે તરત મમદ કરે છે. લોનનું પેકેજ ના હોવું જોઇએ, પરંતુ ખેડૂત, મજૂરોના ખિસ્સામાં તરત પૈસા જવા જરૂરી છે. રાહુલે કહ્યું કે ડિમાન્ડને સ્ટાર્ટ કરવા માટે જો આપણે પૈસા આપ્યા નહીં તો ખૂબ મોટું આર્થિક નુકસાન થશે. તેમણે કહ્યું કે પ્રેમથી બોલી રહ્યો છું, આ પેકેજને સરકાર રિકંસીડર કરે.

કોંગ્રેસ નેતાએ કહ્યું કે અત્યારે સૌથી મોટી જરૂરિયાત ડિમાન્ડ-સપ્લાયને શરૂ કરવાની છે. તેમણે કહ્યું કે તમારી ગાડી ચલાવા માટે તેલની જરૂર હોય છે. જ્યાં સુધી તમે કાર્બોરેટમાં તેલ નાંખશો નહીં ગાડી સ્ટાર્ટ થશે નહીં. મને ડર છે કે જ્યારે એન્જિન શરૂ થશે તો તેલ ના હોવાના લીધે ગાડી ચાલશે જ નહીં. તેમણે કેરલમાં કોરોના વાયરસ પર કંટ્રોલના વખાણ કર્યા અને કહ્યું કે તે એક મોડલ સ્ટેટ છે અને બાકી રાજ્યો તેમાંથી શીખ મેળવી શકે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે આંગળી ઉઠાવાનો સમય નથી. આજે હિન્દુસ્તાનની સામે મોટો પ્રોબ્લેમ છે અને આપણે તેને દૂર કરવાનો છે. તેમણે કહ્યું કે આ લોકો જે રસ્તા પર ચાલી રહ્યા છે તેમની મદદ આપણે બધાએ કરવાની છે. ભાજપ સરકારમાં છે અને તેમના હાથમાં સૌથી વધુ ઓજાર છે તો તેમની આ જવાબદારી બને છે. આપણે બધાએ મળીને તેની સામે લડીશું.

### સંક્રમિતોનો આંકડો ૮૫૪૯૦ને પાર,કુલ મૃત્યુઆંક ૨૭૫૨એ પહોંચ્યો

## દેશમાં ૨૪ કલાકમાં નવા ૩૯૭૦ પોઝિટિવ કેસઃ ૧૦૩ના મોત

*ન્યુ દિલ્હી,તા.૧૬*

દેશમાં કોરોના વાયરસના સંક્રમીત મામલામાં ભારતે ચીનને પાછળ છોડી દીધું છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા પ્રમાણે ભારતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોનાના નવા ૩૯૭૦ કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોના વાયરસથી સંક્રમીત લોકોનો આંકડો વધીને ૮૫૯૪૦ સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના સંક્રમણને કારણે ૧૦૩ લોકો મોતને ભેટ્યા છે. તેની સાથે જ કુલ મૃત્યુઆંક ૨૭૫૨એ પહોંચ્યો છે. જ્યારે ૨૨૩૩ લોકો કોરોના વાયરસ સામેની જંગમાં સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે. કોરોના સંક્રમિતોની સંખ્યા મામલે ભારત હવે ચીનથી આગળ નીકળી ગયું છે અને વિશ્વમાં ૧૧માં નંબર પર પહોંચ્યું છે.

૮૫૯૪૦ કોરોના વાયરસના કેસ સાથે ભારત દુનિયામાં સૌથી વધારે કોરોના વાયરસના કેસ ધરાવતા દેશોની યાદીમાં ચીનને પછાડીને આગળ નિકળી ગયો છે. ચીન તરફથી જાહેર કરેલા આંકડા પ્રમાણે ત્યાં ૮૨૯૨૯ કેસ નોંધાયા હતા તેમજ ૪૬૩૩ લોકોના મોતને ભેટ્યા હતા.

જોકે, ચીનમાં અત્યાર સુધીમાં ૭૮૦૦૦થી વધુ લોકો સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. હવે ચીનમાં ૧૦૦ કરતા ઓછા એક્ટિવ કેસ છે. જ્યારે ભારત કોરોના વાયરસના એક્ટિવ કેસની સંખ્યા ૫૩૦૩૫ સુધી પહોંચી ગઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં દેશમાં કોરોના વાયરસના કુલ ૮૫૯૪૦ કેસ નોંધાયા છે જેમાંથી ૩૦૧૫૩ લોકો એવા છે કે જેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૨૭૫૨ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવારે સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૫૩૦૩૫ એક્ટિવ કેસ છે.

દેશમાં કોરોના વાયરસના કુલ કેસમાંથી સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. દેશભરમાં જેટલા પણ કેસ નોંધાયા છે તેમાંથી લગભગ એક તૃત્યાંશ કેસ ફક્ત મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોનાના ૨૯૧૦૦ કેસ નોંધાયા છે જેમાંથી ૬૫૬૪થી વધારે લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. કોરોનાના સૌથી વધારે કેસ ધરાવતા રાજયોની યાદીમાં મહારાષ્ટ્ર બાદ બીજા નંબર પર તમિલનાડૂ છે.

તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૧૦૧૦૮ કેસ નોંધાઈ ચૂક્યા છે. જ્યારે આ યાદીમાં ત્રીજા નંબર પર ગુજરાત છે જેમાં કુલ ૯૯૩૨ કેસ નોંધાયા છે જેમાંથી ૬૦૬ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ગુજરાત બાદ દિલ્હીમાં ૮૮૯૫, રાજસ્થાનમાં ૪૭૨૭, મધ્યપ્રદેશમાં ૪૫૯૫ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૪૦૫૭ કેસ નોંધાયા છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૫૪૨૯૧૦ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૩૦૭૬૯૫ના મોત થયા છે જયારે ૧૬૩૬૯૬૮ લોકો સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે. દુનિયામાં આજની તારીખમાં કુલ ૨૫૯૮૨૪૭ કેસ એવા છે કે જેમની સારવાર ચાલી રહી છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૩૪૮**
**રાજયમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો :૧૦૨૮૦**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ:૧૯**
**રાજયમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૨૭૩**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૪૩૦૮**

## રાષ્ટ્રોએ એક થઈ વિશ્વને કોરોનામુક્ત બનાવવું જરૂરીઃ મોદી

*ન્યુ દિલ્હી,તા.૧૬*

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો મહામારીના સમયમાં ભારતના પડખે રહેવાના નિવેદન તેમજ વેન્ટિલેટર્સની મદદ બદલ આભાર માન્યો હતો. કોરોના વાયરસના મહામારી વચ્ચે અમેરિકાએ ઉદારતા દાખવતા ભારતને વેન્ટિલેટર્સ દાન કરવાની જાહેરાત કરી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિનો આભાર વ્યક્ત કરતા પીએમ મોદીએ ટ્વીટ કર્યું હતું કે આ મહામારીમાં આપણે સૌ સંયુક્ત રીતે લડી રહ્યા છીએ.પીએમ મોદીએ જણાવ્યું કે, આવા કપરા સમયમાં રાષ્ટ્રો સાથે મળીને કામ કરે તે જરૂરી છે તેમજ વિશ્વને સ્વસ્થ બનાવે અને કોરોનામુક્ત બનાવે તે મહત્વનું છે. અમેરિકાએ શુક્રવારે ભારતને ૨૦૦ જેટલા વેન્ટિલેટર્સ આપવાની જાહેરાત કરી હતી.

### મોદી મારા સારા મિત્ર,બંન્ને દેશ સાથે મળીને કોરોનાને હરાવીશુઃ ટ્રમ્પ

## કોરોના સંકટ વચ્ચે અમેરિકા ભારતને વેન્ટિલેટર દાન કરશે

*વૉશિંગ્ટન,તા.૧૬*

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ કહ્યું કે મને એ કહેતાં ગર્વ થઇ રહ્યો છે કે અમેરિકા પોતાના મિત્ર ભારતને વેન્ટિલેટર દાન કરશે. અમે આ મહામારી દરમિયાન ભારત અને પીએમ મોદી સાથે ઉભા છીએ. અમે રસીને વિકસિત કરવામાં પણ સહયોગ કરી રહ્યા છીએ. કુલ મળીને અમે આ જોઇ ન શકનાર દુશ્મનને હરાવી દઇશું. ટ્રમ્પે પણ કહ્યું કે આ વર્ષના અંત સુધી કોવિડ-૧૯ની રસી વિકસિત થવાની સંભાવના છે. તેમણે કહ્યું કે ''હું થોડા સમય પહેલાં ભારતથી પરત ફર્યો છું અને અમે ભારત સાથે મળીને કામ કરી રહ્યા છીએ. અમેરિકામાં ભારતીય મોટી સંખ્યામાં છે અને તમે જે લોકો વિશે વાત કરી રહ્યા છો તેમાંથી ઘણા લોકો રસી વિકસિત કરવામાં જોડાઇ ગયા છે. સારા વૈજ્ઞાનિક અને અનુસંધાનકર્તા. ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના સારા મિત્ર ગણાવ્યા.આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આશા વ્યક્ત કરી કે આ વર્ષના અંત સુધી અથવા તે પહેલાં કોરોના વાયરસની રસી બજારમાં ઉપલબ્ધ થઇ શકે છે.

ટ્રમ્પ દ્વારા વાયરસના મામલે વહિવટી તંત્રમાં નિયુક્ત કરવામાં આવેલા એક દવા કાર્યકારી મોનસેપ સ્લોઈએ કહ્યું કે અમારો પ્રયત્ન વર્ષ ૨૦૨૦ના અંત સુધી રસી તૈયાર કરવાનો છે. રોજ ગાર્ડનના એક કાર્યક્રમમાં ટ્રમ્પે કહ્યું કે તે રાજ્યોને આર્થિક ગતિવિધિઓને ફરીથી શરૂ કરવાની સાથે તેને આગળ વધતાં જોવા માંગે છે.

## તંત્રી સ્થાનેથી...

# બહુમત સાંસદો, ધારાસભ્યો, કોર્પોરેટરો, નેતાઓ કોરેન્ટાઈન થઈ ગયા છે કે શું....?

વિશ્વભરમાં કોરોનાએ ભારે તબાહી સર્જી છે. તેની સામે ઝીંક જીલવા વિશ્વના તમામ દેશોએ પોત પોતાનિ દેશની અનુકૂળતા-સૉસંગતતા અનુસાર પગલા લીધા છે, આર્થિક સહાય આપી છે, તો કોઈ દેશે અનાજ, આર્થિક સહાય,વિજ બુલ માફી શિક્ષણ માફી કરવા સહિત છ માસ માફી આપી છે. મતલબ માફીના બહાને આર્થિક સહાય કરી છે તેમ કહી શકાય..... પરંતુ વિશ્વના દેશોમાં ભારતે એક નવો જ રાહ અપનાવ્યો છે... એનપીએ માફી આપી, ઉદ્યોગોને સહાય અને માફી આપવાનું તથા ગરીબ, મજુર, મધ્યમ વર્ગને મર્યાદીત માત્રામા અનાજ સહાય આપવાનું કામ કર્યુ છે. પરંતુ વીજબીલ કે શિક્ષણ ફી માફ કરવાને બદલે શાળાએ ભણાવ્યા ન હોવા છતા ફી ભરવાની....જો કે ભરવામા રાહત આપી છે. તો વીસ લાખ કરોડના આર્થિક પેકેજમા... સહાય તો સરકારે તેમા એક પાઈ પણ આપવાની નથી.... જે કોઈને સહાય હશે તે લોન રૂપે હશે....અને તે પણ બેંકો થકી... આ બેંકમાં પ્રજાનો પૈસો હોય છે મતલબ તમારા પૈસાથી તમને લોન, ખેડૂતોને મંડળી કે સહકારી બેંક દ્વારા લોન અને નાણાં અમુક સમય પછી ભરપાઈ કરવાના....માફ નહી..... હવે આમાં સરકારે આમ પ્રજામાં ગરીબ, મજૂર, રોજમદાર,મધ્યમવર્ગને શું સહાય આપી કે મદદ આપી કહેવાય.....? આ બાબત એક સંશોધનનો વિષય છે. ઉપરાંત લોન લેવા માટે જન ધન યોજના, નોટ બંધીની જેમ લાઈનમાં ઊભા રહી અરજી ફોર્મ લાવી અરજી અનુસાર માંગેલ તમામ પુરાવા આપવાના પછી તે સ્વીકાર્ય હોય તો જ આર્થિક લોન.... સહાય નહીં......! લોન મેળવવામા મહિનાઓ વીતી જાય છે પરિણામે રોજેરોજ લોન માટે ધક્કા ખાઈને થાકીને આત્મનિર્ભર બની જશે તે નિશ્ચિત છે.....!

વિશ્વભરમા કોરોનાએ ભારે તબાહી સર્જી છે. તેમાં ભારત પણ બાકાત નથી. કોરોના ગ્રસ્ત લોકોની સંખ્યા ૮૫૫૪૩ થી આગળ તરફ વધી રહી છે, મૃતાક સંખ્યા ૨,૬૮૨ પહોંચી ગઈ છે. જોકે થોડા અંશે કેસો ઘટવાની શરૂઆત થઈ છે પરંતુ જુલાઈના અંતમાં આક ઘણો ઊંચો હશે તેવી શક્યતા જાણકારો વ્યકત કરી રહ્યા છે.....! ગુજરાતમાં અમદાવાદ શહેરમાં કોરોનાએ આકરુ રૂપ ધારણ કર્યુ છે જેના કારણે પ્રજામાં ફફડાટ વ્યાપી ગયો છે. કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦ હજાર આકની સાવ નજીક નજીક પહોંચી ગઈ છે. જ્યારે મૃતાક ૬૦૦ ને પાર થઈ ગયો છે.બીજી તરફ વસ્તીની સંખ્યા અનુસાર જે પ્રકારે ટેસ્ટીગ સંખ્યા વધારવાની જરૂર છે તેમાં ગુજરાતમા ઓછા ટેસ્ટ થઈ રહ્યા છે......! કે પછી સમજી વિચારીને કોઈ બહાને ટેસ્ટીંગ ઓછા થઈ રહ્યા છે......! જેને કારણે રાજ્યમાં ખરેખર કેટલા કોરોનાગ્રસ્તોની સંખ્યા છે તે જાણી ન શકાય..... ઉપરાંત કોરોનાની રસી કે દવા આજ સુધી શોધી શકાઈ નથી ત્યારે માસ્ક,ડિસ્ટન્સ, હાથ ધોવા, દૂર રહીને વાત કરવી કે ખબર પૂછવા..... આ મોટો ઉપાય છે. બાકી તો દરેકે આત્મનિર્ભર બની કોરોના સાથે જીવવાનું છે... તે પણ હકીકત સ્વીકારવી રહી.....!

દેશભરમાં જે તે રાજ્યોએ વિવિધ ઉદ્યોગો, નાના-મોટા વિવિધ વેપાર-ધંધા કરવાની છૂટ આપી છે. પરંતુ લોકડાઉનના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. અને આ કારણે બજારમાં થોડા અંશે વેપાર ધંધા રોજગાર ની શરૂઆત થઈ ગઈ છે. પરંતુ હવે તકલીફ એ ઊભી થવા પામી છે કે નાના-મોટા ઉદ્યોગ કારખાનાઓમાં મજૂરોની, મશીનોના જાણકારોની અછત ઊભી થવા પામી છે. મોટાભાગે જ્યા પરપ્રાંતીઓ કામ કરતા હતા ત્યા.તેમાના અનેકો બેહાલ થઈ જતા, ખાવા પીવાનું ન મળતા, ભૂખ્યા તરસ્યા પોતાની વેદના ઠાલવતા વતનની વાટ પકડી લીધી છે. તેઓ પૈકીના મોટાભાગના કામના સ્થળે પરત આવવા તૈયાર થશે કે કેમ....?તે સવાલ ઉભો થયો છે. તેઓની મોટાભાગની ફરિયાદ માલિકોએ પૈસા ન આપ્યા, ખાવાની વ્યવસ્થા ન કરી, તો સરકારી સહાય ન મળી તેવી રહી છે. અનેકો પગપાળા કે સાઈકલ પર રાચ રચીલુ મૂકી પરિવાર સાથે વતન તરફ પહોંચ્યા છે. તો શહેરી વિસ્તારોમાં પોલીસ દ્વારા પરેશાની,માર પડવો સહિતની વેદનાઓ વ્યક્ત કરતા રહ્યા હતા અને તેના વીડિયો પણ વાયરલ થયા છે. આ બધા વચ્ચે ટિકિટ કે ખાવાનું આપવા માટે રાજકોટની એક સંસ્થા, કચ્છમાં તેમજ કોંગ્રેસ દ્વારા સુરત અમદાવાદ જેવા શહેરોમાં વતન જનારાને ટિકિટના નાણાં, ખાવા-પીવાનો આભાર વ્યક્ત કરતા હતા.... જેના વીડિયો પણ વાયરલ થયા છે. પરંતુ દરેકે નોંધનીય મોટામાં મોટી સત્ય હકીકત એ બની રહી છે કે દેશભરમા લોકોએ જેઓને ચૂંટીને મોકલ્યા છે તે સાંસદો, ધારાસભ્યો, મંત્રીઓ, કોર્પોરેટરો, નેતાઓ પ્રજા વચ્ચે મદદ માટે જવાને બદલે કોરેન્ટાઈન થઈ ગયા હોય તેવુ આમ લોકો સમજી રહ્યા છે.....! પ્રજા બાપડી બિચારી બનીને સમયની રાહ જોઈ રહી છે.....! બાકી પરપ્રાંતીઓ સાથેના વ્યવહાર- વર્તનને કારણે ભાજપાએ હાથમા આવેલ મધ્યપ્રદેશ ગુમાવવુ પડે તો કોઈ નવાઈ નહી કહેવાય.......!! વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૭/૦૫/૨૦૨૦, રવિવાર, વૈશાખ વદ-૧૦
સૂર્યોદય-૬-૦૮, સૂર્યાસ્ત-૭-૧૭, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ પૂર્વાભાદ્રાપદ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૭-૪૬ થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૩ સુધી, ૧૪-૨૨થી શુભ-૧૬-૦૧ સુધી, ૧૯-૧૯થી શુભ-અમૃત-ચલ-૨૩-૨૨ સુધી<br>- શુભ હોરા-<br>૭-૧૩થી ૧૦-૩૧ સુધી, ૧૧-૩૭ થી ૧૨-૪૩ સુધી, ૧૪-૫૫ થી ૧૮-૧૩ સુધી, ૧૯-૧૯થી ૨૦-૧૩ સુધી |

### ૨૦ લાખ કરોડના પેકેજનો ભાગ-૪ નાણાંમંત્રીએ જાહેર કર્યો

# કોલસાની ખાણો અને વિમાની મથકોનું ખાનગીકરણ કરાશેઃ સીતારમન



*ન્યુ દિલ્હી,તા.૧૬*

કોરોના લોકડાઉનથી અર્થતંત્રને થયેલી નકારાત્મક અસરોમાંથી દેશને બહાર લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેર કરેલા આત્મનિર્ભર ભારત અભિયાન માટે ૨૦ લાખ કરોડના આર્થિક પેકેજના ભાગ-૪ હેઠળ નાણા મંત્રી નિર્મલા સીતારામને આજે સતત ચોથા દિવસે પેકેજની જાહેરાત કરી હતી. આજે તેમણે પ્રાથમિકત માળખાકિય ક્ષેત્રમાં સુધારણા માટે પેકેજ જાહેર કર્યું હતું. જેમાં કોલસા ક્ષેત્રનું ખાનગીકરણ થશે. વધુ ૬ એરપોર્ટનું ખાનગીકરણ કરાશે.

તેમણે જાહેરાત કરી કે કોલસા ક્ષેત્રમાં સરકારી એકાધિકારવાદ એટલે કે ઈજારાશાહી ખતમ કરાશે અને ખાનગી કંપનીઓને પણ કોલસા ઉત્પાદનની તકો અપાશે. કોલસા શ્રેત્રે હવે વાણિજયિક ઉત્પાદન થશે. કોલસા ક્ષેત્રે આત્મનિર્ભર થવા ૫૦ નવી કોલસાની ખાણો ઉત્પાદન માટે હરાજીથી અપાશે. ખાનગી કંપનીઓને આમંત્રિત કરાશે. નિયત સમય કરતાં વહેલું ઉત્પાદન કરનાર કંપનીઓને પ્રોત્સાહનો આપવામાં આવશે. કોલસા ઉત્પાદન માટે ૫૦ હજાર કરોડનો ખર્ચ કરાશે. જાહેર હરાજી દ્વારા ખાનગી કંપનીઓને કોલસાની ખાણો અપાશે. કોલસાને ગેસમાં રૂપાંતરિત(ગેસીફિકેશન) કરવાની ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. વાજબી કિંમતે કોલસો વપરાશકારોને આપવામાં આવશે. ખનિજોના ઉત્ખનન માટે પણ પ્રોત્સાહનો અપાશે. ૪૦,૦૦૦ કરોડ કોલસાના ખનન માટે અને ૧૦,૦૦૦ કરોડ ટન કોલસાના સંગ્રહ માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા વપરાશે.

તેમણે વધુમાં કહ્યું કે, ૫૦૦ મિનરલ માઈન્સની હરાજી થશે. ઉત્ખનન માટે સ્ટેટ ઓફ ધ આર્ટની ટેક્નિકનો ઉપયોગ થશે. મિનરલ ઈન્ડેકસમાં રેક્રિંગ અપાશે, બ્લોકસ આપતી વખતે સ્ટેમ્પ ડ્યુટીમાં રાહત અપાશે.

સંરક્ષણ શસ્ત્રાસંરજામના ઉત્પાદનમાં મેક ઈન ઈન્ડિયાની નીતિ લાગૂ કરાશે. સૈન્ય હથિયારોનું ઉત્પાદન ભારતમાં થાય તેવા પ્રયાસો કરાશે. જેથી ઓછામાં ઓછા હથિયારો વિદેશથી આયાત કરવા પડે. હથિયાર ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર કરાશે. સ્થાનિક રોજગારી વધશે. ખાનગી કંપનીઓને તકો મળશે.

પ્રવાસીઓને સારી સુવિધા આપવા માટે ૬ વધુ એરપોર્ટનું ખાનગીકરણ કરાશે. હાલમાં ૧૧ એરપોર્ટ ખાનગી કંપનીઓને આપવામાં આવ્યાં છે., ૧૩ હજાર કરોડનું મૂડીરોકાણ આવશે. ઓછા અંતરથી વિમાનો ઉડે તેવા પ્રયાસો થશે.. વિમાનોના સમારકામ માટે ભારતમાં જ સુવિધા ઉભી થાય તેવા પ્રયાસો કરાશે. હાલમાં વિદેશમાં સમારકામ માટે તમામ પ્રકારના સીવીલ અને ડિફેન્સ વિમાનો મોકલવામાં આવે છે. સમારકામ માટે હાલમાં ૨ હજાર કરોડનો ખર્ચ થાય છે. ઈઝ ઓફ ડૂઈંગ એટલે કે બિઝનેશ કરવામાં સરળીકરણ ઉપર ભાર મૂકાયો છે. પોતાના લોકલ ઉત્પાદનોને વિશ્વસ્તરના બનાવવા પડશે,. આત્મનિર્ભર ભારત માટે ગ્લોબલ સ્પર્ધા માટે પણ સુસજ્જ થવુ પડશે.

વીજ ક્ષેત્રમાં સુધારા કરવા માટે ગ્રાહકેના હિતમાં સ્માર્ટ વીજ મીટરનો ઉપયોગ કરાશે. શરૂઆતના ત્રણ તબક્કામાં લોકોની સુખાકારી માટે નિર્ણય લીધો છે હવે આપણે આત્મનિર્ભરતા પર ફોકસ કરવાનું છે વૈશ્વિક પ્રતિસ્પર્ધા માટે ભારતે તૈયાર થવાનું છે માળખાગત રીફોર્મ પર થશે ફોકસ .મોદી સરકારે છ વર્ષમાં વિકાસ અને નીતિગત સુધારા પર ધ્યાન આપ્યું છે DBT મોદી સરકારની દેન છે. જીએસટીએ વન નેશન વન માર્કેટને ફળીભૂત કર્યું છે. IBCએ નાદારી પ્રક્રિયા સરળ બનાવી છે.: બેંકોને સક્ષમ બનાવી છે. મેક ઈન ઈન્ડિયા હવે આત્મનિર્ભર ભારતમાં ફળીભૂત થશે.

# મહારાષ્ટ્રમાં કોરોનાનો કહેર, વાનખેડે સ્ટેડિયમમાં બનશે કોરોન્ટાઈન સેન્ટર

*મુંબઈ,તા.૧૬*

મુંબઈમાં કોરોના વાયરસનો પ્રકોપ યથાવત છે. દેશના સૌથી વધુ કોવિડ-૧૯ના દર્દી મહારાષ્ટ્રમાં નોંધાયા છે. મુંબઈ અને પુણે કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત વિસ્તારો છે. કોરોનાના દર્દીની સંખ્યા હાલ એટલી વધી રહી છે કે તેને ધ્યાનમાં રાખી વધારે બેડની કોરોન્ટાઈન ફેસેલિટી ઊભી કરવા તૈયારી થઈ રહી છે.

દર્દીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી અને બીએમસીએ હવે મુંબઈ ક્રિકેટ અસોસિએશનને લેખિતમાં જણાવ્યું છે કે તેને વાનખેડે સ્ટેડિયમ સોંપવામાં આવે જેથી તેમાં કોરોન્ટાઈન સુવિધા ઊભી કરી શકાય.મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં કોરોન્ટાઈન સેન્ટર બનાવી કોરોનાના સંક્રમણનું જોખમ જેમના પર વધારે છે તેવા દર્દી અને સ્ટાફને ત્યાં રાખવાની યોજના છે.

જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૭૬ નવા કેસ સામે આવ્યા છે અને ૪૯ દર્દીના મોત નીપજ્યા છે.

# મિઝોરમ સરકારે લૉકડાઉન ૩૧મે સુધી લંબાવ્યુ

*ઐઝવલ,તા.૧૬*

દેશમાં કોરોના વાયરસનાં વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને મિઝોરમ સરકારે રાજ્યમાં ચાલુ લોકડાઉનને ૩૧ મે, ૨૦૨૦ સુધી લંબાવી દીધું છે. આપને જણાવી દઈએ કે મિઝોરમમાં હજી સુધી એક પણ કોરોના વાયરસનો કેસ નોંધાયો નથી, પરંતુ હજી પણ જોરામથાંગા સરકારે કોવીડ-૧૯ ની ગંભીરતાને ધ્યાનમાં રાખીને લોકડાઉન વધારવાની જાહેરાત કરી છે. મિઝોરમ રાજ્ય પહેલાં ઘણા રાજ્યોએ લોકડાઉન વધારવાની જાહેરાત કરી દીધી છે.

જણાવી દઈએ કે, દેશવ્યાપી લોકડાઉનનો ત્રીજો તબક્કો ૧૭ મે ૨૦૨૦ નાં રોજ પૂર્ણ થવા જઈ રહ્યો છે, જે કારણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં રાજ્યોનાં મુખ્યમંત્રીઓ સાથે ચર્ચાઓ કરી હતી. આ બેઠકમાં ઘણા રાજ્યોએ લોકડાઉન વધારવાનું સૂચન કર્યું હતું. જેના એક દિવસ પછી દેશને સંબોધન કરતા પીએમ મોદીએ લોકડાઉનનો ચોથો તબક્કો શરૂ કરવાનું કહ્યું હતું. જો કે, તેમણે એમ પણ કહ્યું કે ચોથો તબક્કો એક અલગ રંગરૂપનો હશે.

# પ્રવાસી મજૂરોની ઘર વાપસી રાજ્યો માટે ખતરનાક સાબિત થઈઃ કોરોનાના કેસ વધ્યા

*ન્યુ દિલ્હી,તા.૧૬*

લોકડાઉન વચ્ચે દેશભરમાંથી પ્રવાસીઓ પોતપોતાના ગામ પરત ફરી રહ્યા છે જેથી તેમના રાજ્યોમાં કોરોનાના દર્દીઓનો આંકડો ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. ઓડિશા અને બિહાર તેના બે મુખ્ય ઉદાહરણ છે. ઓડિશામાં ત્રીજી મેના રોજ ૧૬૨ દર્દીઓ જ હતા અને ૧૪મી મે સુધીમાં તે આંકડો ૬૧૧ થઈ ગયો હતો. આ જ રીતે બિહારમાં પણ કોરોનાના દર્દીઓની સંખ્યા ૯૪૦ને પાર કરી ગઈ છે.

ઓડિશા સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ પ્રમાણે ગુરૂવારે નોંધાયેલા નવા ૭૩ પોઝિટિવ કેસ પૈકીના ૭૧ લોકો બીજા રાજ્યોમાંથી આવ્યા હતા. તેમાંથી સૌથી વધારે ૫૦ લોકો સુરતથી આવ્યા હતા, જ્યારે ૨૦ પશ્ચિમ બંગાળથી અને એક કર્ણાટકથી આવેલ. આ કારણે ૧૧ દિવસમાં રાજ્યમાં સંક્રમિત લોકોનો આંકડો ઝડપથી ઉંચો આવ્યો હતો. દક્ષિણ ઓડિશાના ગંજમ જિલ્લામાં બીજી મે સુધી એક પણ દર્દી નહોતો પરંતુ હવે ત્યાં ૧૩૭ લોકો કોરોના પોઝિટિવ છે.

આ જ રીતે બિહારના પ્રમુખ સ્વાસ્થ્ય સચિવ સંજય કુમારે જણાવ્યું કે, છેલ્લા એક સપ્તાહમાં રાજ્યમાં જેટલા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે તે પૈકીના ૭૫ ટકા પ્રવાસી મજૂરો છે. બિહારમાં ૪ મેથી ૧૦ મે દરમિયાન દર્દીઓની સંખ્યા ૫૨૮થી વધીને ૭૦૭ થઈ ગઈ હતી. નવા કુલ ૧૭૯ કેસમાંથી ૧૫૦ પ્રવાસી મજૂરો છે જેમાંથી ૪૧ દિલ્હી એનસીઆર, ૩૬ મહારાષ્ટ્ર અને ૩૫ ગુજરાતથી પરત ફર્યા છે.

પશ્ચિમ બંગાળની સ્થિતિ પણ આવી જ છે. જો કે, પશ્ચિમ બંગાળ સરકારે ચોક્કસ આંકડો જાહેર નથી કર્યો પરંતુ ૬ મે બાદ ત્યાં દરરોજ ૧૦૦થી પણ વધારે લોકો સંક્રમિત મળી રહ્યા છે.

પંજાબમાં પણ બહારથી આવેલા સંક્રમિતોના કારણે કોરોનાના દર્દીઓની સંખ્યામાં ભારે ઉછાળો આવ્યો છે. નાંદેડ ખાતેના હુજૂર સાહિબ ગુરૂદ્વારાથી પરત આવેલા ૪,૨૧૬ લોકોમાંથી ૧,૨૨૫ લોકોમાં કોરોના સંક્રમણની પૃષ્ટિ કરાઈ છે. આ સાથે જ ગુરૂવારે પંજાબમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧,૯૩૪ને પાર કરી ગઈ હતી.

# કોરોના અસરઃ ૮૦ ટકાથી વધુ પરિવારોની આવકમાં મોટો ઘટાડો

*ન્યુ દિલ્હી,તા.૧૬*

કોરોના સંકટને કારણે લોકડાઉન દરમિયાન, ૮૦ ટકાથી વધુ ભારતીઓની આવક ઓછી થઈ ગઈ છે. ઉપરાંત, એવા ઘણા લોકો છે કે જેમને મદદ વિના લાંબા સમય સુધી જીવવું મુશ્કેલ બનશે. સેન્ટર ફોર ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈ) દ્વારા ૨૭ રાજ્યોમાં કરવામાં આવેલા સર્વેમાં આ વાતનો ખુલાસો થયો છે.

સર્વે મુજબ દેશનાં ૮૪ ટકા લોકો માત્ર ૩,૮૦૧ રૂપિયા સુધી કમાય છે, તેમની આવક પર લોકડાઉનનાં કારણે ખરાબ અસર થઈ છે. સંશોધનકારોએ શોધી કાઢ્યું છે કે દેશનાં ગ્રામીણ વિસ્તારોમાં આજીવિકાની સૌથી ખરાબ અસર થઈ છે, જો કે આ વિસ્તારોમાં કોરોના વાયરસનો ફેલાવો એકદમ ઓછો છે. દેશની ૧૩૦ કરોડ વસ્તીનો મોટો વર્ગ, પછી ભલે તે હિન્દુ પરિવારો હોય કે મુસ્લિમ, તેમની કમર તોડી નાખી છે. આ સર્વેમાં એપ્રિલમાં દેશભરનાં ૫,૮૦૦ પરિવારોની વાત કરવામાં આવી હતી.

# નિકાસમાં ૨૫ વર્ષનો સૌથી મોટો ઘટાડો, વેપાર ખાધ ૪ વર્ષના તળિયે

*ન્યુ દિલ્હી,તા.૧૬*

દેશમાં કોરોનાને કારણે લાગુ થયેલ લોકડાઉનથી સમગ્ર એપ્રિલ માસમાં ધંધા-કારોબાર ઠપ્પ રહ્યાં છે. એપ્રિલ માસમાં જ દેશની નિકાસમાં છેલ્લા અઢી દશકનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. ભારતની નિકાસ એપ્રિલ માસમાં ઐતિહાસિક ૬૦.૨૮% ઘટીને માત્ર ૧૦.૩૬ અબજ ડોલર રહી છે. સતત બીજા મહિને દેશની નિકાસમાં ઘટાડો નોંધાયો છે.

નિકાસમાં આવેલ ઘટાડાની ટકાવારી ૧લી એપ્રિલ, ૧૯૯૫ બાદની સૌથી વધુ એપ્રિલ, ૨૦૨૦માં જોવા મળી છે. ૧૯૯૫માં સતત ૨૦ દિવસ સુધી સુધી દેશના ઉત્પાદન એકમો ઠપ્પ રહ્યાં હતા અને ત્યારબાદ સપ્પાલ ચેઈન પડી ભાંગતા તે મહિને નિકાસમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. માર્ચ માસમાં ભારતની નિકાસ ૩૪.૫૭% ઘટી હતી.

નિકાસની સામે ભારતની આયાત પણ ૫૮.૬૫% ઘટીને ૧૭.૧૨ અબજ ડોલર રહી છે. દેશના વાણિજ્ય મંત્રાલયે બહાર પાડેલ માસિક રીપોર્ટમાં જણાવ્યું છે કે ક્રૂડના ભાવના એકતરફી કડાકાને પગલે અને લોકડાઉનને કારણે દેશની આયાત પણ ઘટી છે. આ સિવાય સોનાની આયાત પણ નિમ્ન રહેતા વિદેશી બિલ ઓછું રહ્યું છે.

આયાત-નિકાસમાં ઘટાડાને પગલે દેશની વેપાર ખાધ(ટ્રેડ ડેફિસિટ) ૬.૭૬ અબજ ડોલર સુધી ઘટી છે, જે મે, ૨૦૧૬ના ૬.૨૭ અબજ ડોલર બાદના સૌથી નીચલા લેવલે છે.

૩૦ મુખ્ય ઉત્પાદ જૂથો પૈકીના ૨૮માં એપ્રિલ ૨૦૨૦ દરમિયાન સર્વાધિક ડબલ ડિજિટની નકારાત્મક વૃદ્ધિ જોવા મળી હતી, અમુક ઈન્ડેકસમાં તો ૯૯ ટકા સુધીનો નેગેટીવ ગ્રોથ જોવાયો છે.

### આજે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધશે

# કોરોના મહામારી વચ્ચે અમ્ફાન વાવાઝોડાનું સંકટઃ આઠ રાજ્યોને એલર્ટ કરાયા




*ન્યુ દિલ્હી,તા.૧૬*

દેશમાં એક તરફ કોરોનાનો કાળો કેર છે ત્યારે હવે દેશમાં વધુ એક સંકટ ઉભું થયું છે. દેશમાં અમ્ફાન નામના વાવાઝોડાની દહેશત સર્જાઇ છે. બંગાળની ખાડીમાં વાવાઝોડાની સિસ્ટમ સક્રિય થઈ છે. સાવચેતીના ભાગરૂપે ઓરિસ્સાના ચિફ સેક્રેટરીએ હાઈ લેવલની બેઠક બોલાવી હતી. જેમા બંગાળની ખાડીમાં આવનાર વાવાઝાડાને લઈને ચર્ચા કરાઈ હતી. આ વાવાઝોડાનું નામ અમ્ફાન રખાયું છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ વાવાઝોડું વિકસિત થયું તો પહેલા ૧૭ મેના રોજ ઉત્તર-પૂર્વ તરફ આગળ વધશે અને પછી તે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધે તેવી સંભાવના છે. આગામી ૪૮ કલાકમાં તેનું ચોક્કસ અનુમાન લગાવી શકાશે કે વાવાઝોડું કઈ દિશામાં જશે. સ્કાઈમેટના હવામાન વિજ્ઞાની મહેશ પલાવતે કહ્યું કે અમ્ફાન આ વર્ષનું પહેલું તોફાન હશે. તેનાથી આંદામાન-નિકોબારમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ કેરળ, ઓરિસ્સા, તમિલનાડુ, પુડુચેરી અને કર્ણાટકમાં ભારે વરસાદ પડી શકે છે.

આ ઉપરાંત જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉતરાખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના ઘણા ભાગમાં વરસાદ પડી શકે છે. ૭૦ કિલોમીટરની ઝડપે પવન ફૂકાવાની અને વરસાદ પડવાની આગાહી કરાવામાં આવી છે. વાવાઝોડાના કારણે ૮ રાજ્યોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં પશ્ચિમ બંગાળ, ઓડિસ્સા, હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, અંદામાન નિકોબાદનો સમાવેશ થયા છે. કરવામાં આવેલી આગાહી અનુસાર, પશ્ચિમ બંગાળ, ઓડિસ્સા અને અંદામાન નિકોબાદમાં આ વાવાઝોડું સૌથી વધુ કેર વર્તાવી શકે છે.

# કોરોના ઈફેક્ટઃ સ્માર્ટફોન કંપની લાવા ભારત આવવાની તૈયારીમાં

*બેઈજિંગ,તા.૧૬*

ચીનથી ફેલાયેલ મહામારી કોરોના વાયરસે આખી દુનિયામાં હાહાકાર મચાવ્યો છે. કોરોનાના કારણે વૈશ્વિક અર્થતંત્રને માઠી અસર થઈ છે. ત્યારે હવે વિશ્વના કેટલાક દેશ ચીન સામે કડક વેપાર નીતિ અપનાવી રહ્યા છે. ભારતે પણ આ દિશામાં કેટલાક મહત્વના નિર્ણય કર્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ ભારત સરકાર દ્વારા તાજેતરમાં કરેલ નીતિગત ફેરફારના કારણે હવે સ્માર્ટફોન કંપની લાવા ઈન્ટરનેશનલે શુક્રવારે પોતાનો બિઝનેસ ચીનથી સમેટીને ભારત લાવવાની તૈયારી શરૂ કરી છે. કંપનીએ મોબાઈલ વેચાણમાં વધારો અને મેન્યુફેક્ચરિંગના સરળ સંચાલન માટે આગામી પાંચ વર્ષ દરમિયાન લગભગ ૮૦૦ કરોડ રૂપિયાના રોકાણની યોજના બનાવી છે.સૂત્રો મુજબ લાવા ઈન્ટરનેશનલના અધ્યક્ષ અને વહીવટી સંચાલક હરીઓમ રાયે કહ્યું કે,'પ્રોડક્ટ ડિઝાઈનના ક્ષેત્રમાં ચીનમાં અમારા ઓછામાં ઓછા ૬૦૦થી ૬૫૦ કર્મચારીઓ છે. પરંતુ હવે અમે ડિઝાઈનિંગનું કામ ભારતમાં સ્થાનાંતરિત કરવાની તૈયારી કરી છે. ભારતમાં અમારા વેચાણની જરૂરિયાતોને ઘરેલુ કારખાનાઓથી પૂર્ણ કરવામાં આવશે.' તેમણે કહ્યું કે,'અમે ચીનમાં પોતાની ફેક્ટરીઓમાંથી દુનિયાભરમાં મોબાઈલ પ્રોડક્ટની નિકાસ કરી રહ્યા હતા. જો કે હવે આ કામ ભારતથી કરવામાં આવશે.'

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે ૪૮ હજાર કરોડ રૂપિયાના પ્રોત્સાહનવાળી ઈલેક્ટ્રોનિક નીતિની ઘોષણા કરી છે. આ હેઠળ કંપનીઓને અમુક મહત્વની છૂટ આપવામાં આવશે. સાથે જ આગામી પાંચ વર્ષોમાં આનાથી ૨૦ લાખ રોજગારનું સર્જન થશે એવો લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યો છે.



પ્રયાગરાજમાં લોકડાઉન દરમ્યાન તેમના બાળકને લઈ જતા એક પરપ્રાંતીય કામદાર જોવા મળી રહ્યો છે.

CYMK

### સરકારશ્રીના નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગર દ્વારા

# નાયબ કાર્ય પાલક ઈજનેર ની સીધી ભરતી માં જૂનાગઢ ના એક સહિત પાંચ મુસ્લિમ ઉમેદવારોની નિમણુક

ઐતિહાસિક અને નવાબીનગરી જૂનાગઢ શહેર અને તેમાં વસવાટ કરતા લોકો પોતાની આવડત અને વિશિષ્ટતા ને લીધે કયાંક ને કયાંક આ શહેર નું ગૌરવ વધારતા હોયછે આવુજ ફરી એક વાર થયુંછે જેમાં તાજેતર માં નાયબ કાર્યપાલક ઈજનેર ની સિધી ભરતી ની પરીક્ષા માં મુસ્લિમ સમાજ ના પાંચ તેજસ્વી તારલાઓ એ પોતાનું હિર ઝળકાવી અને ભરતીની તમામ પ્રકીયા પૂર્ણ કરી અને નિમણુક પામ્યા છે આ પાંચેય ઉમેદવારો ને સમગ્ર મુસ્લિમ સમાજ દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવેલ છે આ અંગેની મળતી વિગતો મુજબ તાજેતર મા સરકાર શ્રી ના નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધી નગર ની સંદર્ભમાં દર્શાવેલ અધિસુચનાથી આ વર્તુળ હેઠળ ફાળવવામાં આવેલ સીધી ભરતી માં વર્ગ ૨ જી.પી.એસ.સી.પરીક્ષા પાસ કરનાર આ પાંચ વિરલાઓ ને નાયબ કાર્ય પાલક ઈજનેર ની સીધી નિમણુક આપવામાં આવેલ છે જે પૈકી જૂનાગઢ ના રઈસલામ અન્સારી કે જેઓની નિમણુક જળ સંચય વિભાગ જામનગર ખાતે



નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે નિમણૂક કરવામાં આવી છે તેઓએ જી.પી.એસ.સી.ની પરીક્ષા ટ્યુશન ક્લાસ વગર પાસ કરીને સમાજમાં અનેરો દાખલો બેસાડ્યો છે અને તેઓએ ભરતી માં કુલ ૧૨૧ઉમેદવારો પૈકી સાતમો ક્રમાંક મેળવી ઉતીર્ણ થતા તેઓએ અન્સારી પરિવાર તેમજ જૂનાગઢ મુસ્લિમ સમાજ નું ગૌરવ વધારેલ છે તેઓના પિતા અકબરભાઈ અન્સારી બી.એસ.એન. એલ. જૂનાગઢ માં ઓ.એસ. તરીકે ફરજ બજાવે છે .આ ઉપરાંત ઉપરોકત સીધી ભરતી માં મુસ્લિમ સમાજ ના અન્ય ચાર ઉમેદવારો પણ નિમણુક પામેલ છે જેમાં અબિઝર અબ્દુલ્લાહ પાનવાલા ની પાનમ યોજના વર્તુળ ગોધરા . મુબીન અબ્દુલ હમીદ ચોપડા ની સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર . મોનસી ખાન મુનાવર ખાન પઠાણ ની મધ્યાસથ આલેખન તંત્ર. ગાંધીનગર તથા અકબરવાસી અહમદ ખાન ની જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા આણંદ ખાતે નાયબ કાર્ય પાલક ઈજનેર તરીકે આને નિમણુક આપવામાં આવેલ છે .

અત્રે ઉલ્લેખનીય છેકે સામાન્ય રીતે મુસ્લિમ સમાજ માં એવી માન્યતા પ્રવર્તે છેકે અમને નોકરી મળતી નથી પરંતુ હકીકત તદ્દન વિપરીત છે . જો મહેનત અને લગન થી કાર્ય કરવામાં આવે તો સફળ તા અવશ્ય મળેછે જે બાબત ઉપરોકત ઉદાહરણ પરથી સાબિત થાય છે તાજેતર ના ભૂતકાળ નો એક દાખલો લઈએ તો ગુજરાત ના સૌથી યુવા વયના આઇ.પી.એસ. ઓફિસર સફીન હસન બનેલ છે જેઓને હાલ જામનગર માં એ.સી.પી. તરીકે ફરજ બજાવે છે જે સમાજ માટે ઉદાહરણીય છે ×સફળતા તેને વરે જે પરસેવે નહાય×.

સોહેલ સિદીકી જૂનાગઢ

### લોકડાઉનમાં સાયબર ચોર સક્રિય

# પિતાનું અકસ્માતમાં મોત થતા મળેલ ૮.૭૧ લાખ રૂપિયા સાયબર ચોરે સેરવી લેતા ગરીબ પરિવાર પર આભ તૂટ્યું

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના મહામારી વચ્ચે ઑનલાઈન ફ્રૉડના કેસ તેજ ગતિએ વધી રહ્યા છે. આથી જ બેંકો તેમના ગ્રાહકોને સતત ફ્રૉડથી બચવાની સૂચના આપી રહી છે.અરવલ્લી જિલ્લાના ઈન્દ્રાણ ગામના એક ગરીબ પરિવારને સાયબર ઠગે લૂંટી લેવાની ઘટના બની હતી ખાનગી કંપનીમાં ફરજ બજાવતા પિતાનું અકસ્માતમાં મોત નિપજતા પરિવારજનોને કંપની તરફથી ૮.૭૧ લાખ રૂપિયા આપવામાં આવતા મૃતકની પત્નીના નામે સાઠંબા ગામની સ્ટેટ બેંકમાં ૫ લાખ રૂપિયાની ફિક્સ ડિપોઝીટ કરાવી હતી અને ૩.૭૧ લાખ બચત ખાતામાં રાખ્યા હતા મૃતકની પત્નીએ એટીએમ કાર્ડ હતું જેનો પિન જનરેટ કરવા માટેનો સાયબર ગઠિયાએ બેંક અધિકારી તરીકે ઓળખ આપી વારંવાર ફોન કરી વિશ્વાસ કેળવી

ઓટીપી નંબર મેળવી ૮.૭૧ લાખ સેરવી લેતા ગરીબ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું આ અંગે મૃતકના પુત્રએ સાઠંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઈમ મોકલી આપતા સાયબર ક્રાઈમની ટીમે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો બેંકની ઠગાઈનો ભોગ બનેલ પરિવારને પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ મુલાકાત લઈ બેંક અધિકારીઓ અને પોલીસતંત્રમાં ન્યાય અપાવવા રજુઆત કરી હતી . બાયડના ઈન્દ્રાણ ગામના ભરતસિંહ ચૌહાણ અમદાવાદની ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા નોકરી દરમિયાન અકસ્માતમાં મોત નિપજતા કંપનીએ ૮.૭૧ લાખ રૂપિયા આપ્યા હતા જે મૃતકની પત્ની ધુળીબેનના નામે સાઠંબા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ૫ લાખની એફડી અને ૩.૭૧ લાખ રૂપિયા બચત ખાતામાં કામકાજ અર્થે રાખ્યા હતા મૃતકની પત્નીએ રૂપિયાની લેવડ-દેવડ માટે એટીએમ કઢાવ્યું હતું એટીએમ પિન જનરેટ થયો ન હતો ત્યારે સાયબર ગઠિયાએ ૨૫ એપ્રિલે ફોન કરી અને બેંક મેનેજર તરીકે ઓળખ આપી જણાવ્યું હતું કે તમારું એટીએમ ચાલુ થયું નથી તો તમારા એટીએમ ની જાણકારી માંગી હતી અને લાઈટબીલ નંબર પણ આપી દીધો હતો મહિલાના મોબાઈલમાં આવેલ ઓટીપી નંબર પણ આપી દેતા ગઠિયાએ મહિલાના ખાતામાંથી ૫ લાખની એફડી અને ૩.૭૧ લાખ રૂપિયા સેરવી લીધા હતા મહિલા અને તેનો પુત્ર સમગ્ર ઘટનાથી અજાણ હતા ત્યારે બેન્કમાંથી ફોન આવતા મહિલા અને તેના પુત્રને જાણ થતા આભ તૂટી પડ્યું હતું

મૃતકના પુત્રએ જણાવ્યું હતું કે પહેલા બેન્કમાંથી તેમની માતાના ખાતામાંથી ૩.૭૧ લાખ રૂપિયા કોઈએ બરોબર ઉપાડી દીધા હોવાનું જણાવ્યું હતું ત્યાર બાદ હું બેંકમાં જતા ખબર પડી હતી કે મારી માતાના નામે મુકેલ ૫ લાખ એફડી પણ ઉપડી ગઈ છે હાલત યુવક અને તેની માતા બેન્ક અને પોલીસ સ્ટેશનના ચક્કર કાપી રહ્યા છે

## Ahmedabad: Doctros at SVP strike wrok over N95 masks(TOI)

AHMEDABAD

In a glaring instance of apathy towards safety needs of frontline warriros against Covid-19, close to a 100 resident doctros and paramedic staff at SVP hospital at Ellisbridge went on flash strike complaining they were not issued N95 respiratros (masks) and PPE equipment—basic safety gear required by medicos in the Covid-19 frontline.

"Hospital authroities are asking us to wear two-three rodinary masks and go into Covid wards ro buy N-95 masks from out pockets. This is shocking and unacceptable," said a striking doctro.

Left red-faced, the Ahmedabad Municipal Croproation, that has been making tall claims to have sufficient stocks of safety gear fro medical and para-medical staff swung into action and rodered 2,000 N95 respiratros from Vadodara and few neighbouring district health centres to be provided to doctros at SVP. The doctros and paramedic staff had also demanded that problems related to their duty shifts and issues of access to food should be resolved. SVP hospital on the other hand issued a statement which said, "There is no shrotage of any kind of Personal Protective Equipment (PPE) at SVP. All staff members have been issued proper number of PPE kits as per guidelines. In the photo shared by doctros you can see some of them wearing N95 masks."

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલ: જીજ્ઞા કપુરિયાં

વિભાગ : પદ્ય.
શિર્ષક :" મા " (છંદ રમલ)
બંધારણ : ગાલગાગા ગાલગાગા ગાલગા

હેતથી મા તરબતર કરતી હશે,
વ્હાલ પણ માપ્યા વગર કરતી હશે.
રોપશે પોતાપણું મારા મહી,
એમ પોતાને અમર કરતી હશે.
હોય સંગાથી પ્રથમ મારી જગે,
ગર્ભથી સાથે સફર કરતી હશે.
જેમ સીંચે છોડ માળી ધૈર્યથી,
સીંચવા ગુણ મા સબર કરતી હશે.
ઠેસ વાગે તોય મા તું સાંભરે,
ત્યાં દુઆ તારી અસર કરતી હશે.
રહું સ્મરણમાં હું સતત જોયા કરે,
આંખ ઠારીને નજર કરતી હશે .
દોષને ઉરમાં સમાવીને પછી,
કર્જ એ મારા ઉપર કરતી હશે.
મીના વ્યાસ વડોદરા

-----------------------------------

શીર્ષક : "મા"ની દુઆ રમલ છંદ
ગાલગાગા ગાલગાગા ગાલગા

એ દુઆ "મા"ની અસર કરતી હશે
આભથી જ્યાં મા નજર કરતી હશે
ભૂખની પોતે તડપ વેઠી હશે
બાળકો માટે સબર કરતી હશે
પ્રેમથી માથે હથેળી ફેરવે
મા છે બાળકની ફિકર કરતી હશે
ભાળ બાળકની ઘડીભર ના મળે
એકઠું જોને નગર કરતી હશે
જિંદગીમાં હાર જો મળતી કદી
સાંત્વના દઈ બેફિકર કરતી હશે
ઈશ તારી પણ કમી પૂરી કરે
સ્નેહથી મા તરબતર કરતી હશે
વ્યાધિ આવે કોઈ પણ સંતાન પર
પ્રાણ રેડી "મા" અમર કરતી હશે
-- ડો. રેખા શાહ

-----------------------------------

શીર્ષક : "મા" (છંદ : રમલ)
બંધારણ : ગાલગાગા ગાલગાગા ગાલગા

જિંદગીભર એ સફર કરતી હશે,
બંધ આંખે પણ નજર કરતી હશે.
પેટમાં નવ માસ રાખી હર્ષથી,
નામ સંસ્કારો અમર કરતી હશે.
ઘૂંટડા અપમાનના પી જઈ પછી,
ભાવનાઓની કદર કરતી હશે.
વહાલમાં તો ભેદ ના રાખે કદી,
આંખ ઢાળી શાંત ઘર કરતી હશે.
આખડી બાંધી દુવાઓ માંગતી,
જો પ્રભુને મા અસર કરતી હશે.
સીમા પરમાર "અવધિ"
ભરૂચ ન્યુઝ ઓફ ગાંધીનગર

________________'________________

શીર્ષક - "મા

ગાલગાગા ગાલગાગા ગાલગા

મા મને કેવી અધર ધરતી રહે!
નામ જપતી રોજ એ ફરતી રહે.
દૂર બેઉ આમ તો હોવા છતાં,
કલ્પનાઓના નગર કરતી રહે!
સાવ એવું છે નહીં ભૂલી ગયો,
યાદ આવ્યે તુંય બહુ રડતી રહે.
જે બનાવી આપતી ભોજન નવા,
સ્વાદ કડવો ઝેર એ ચરતી રહે.
હું ઉજવણી ના કરું તુજ નામની,
એટલું કહી આંખ થી ખરતી રહે.

બંધ કરવા કામને આવા બધાં,
માનવીમાં હામ તું ભરતી રહે.
એક ઘરમાં ચારને જીવાડતી,
કેમ મા ઘરડા ઘરે મરતી રહે?
- ભૂમિ પંડ્યા

----------

વિભાગ-પદ્ય
શીર્ષક - મારી મા

ભીતર કર્યું ડોકિયું તો મહીં સાકાર મારી મા,
મીઠી નજર ને હ્રદયનો ધબકાર મારી મા.
પ્રેમની ઈંટોથી પરિવાર રચ્યો છે પરિપૂર્ણ,
દોષ ઢાંકી સૂર્યને પાલવ ધરનાર મારી મા
છોડ કૂંપળને નીરખે તેમ નિખારેલ છે મને,
કંટકો પર ફૂલનો કરે શણગાર મારી મા.

વ્હાલનું સિંચન કરી સુખની વાંછના કરે,
અહર્નિશ આશીર્વાદ અર્પનાર મારી મા.
સ્મરણોની સોગાદ સાચવી રાહ જોયાં કરે,
ફિકર કરતી ઝાંપલીએ કરે સફર મારી મા.
મારું સર્જન કરનારની આંખ અમીઝરતી,
લાગણી હોઠે લાવી ગાય મલ્હાર મારી મા.
અરુણાબેન ત્રિવેદી અમદાવાદ

___________________________'__________

શીર્ષક વેદના
અંગે અંગમાં થઈ કળતર
તુટી નસે નસ
હાથની મુઠ્ઠી ખુલી નહીં
ને વધારે ને વધારે
ભિંસાતી ગઈ
આંખે દેખાયા રાતાપીળા
કેટલાય તારલીયા
પીડા પારાવાર જાણે
જમ આવ્યો ખેંચવા
ખોળીયા માંથી જીવ.
માથું એવું ફાટ્યું,
જાણે આભ તુટ્યું
અને, જનમ્યો એક જીવ
આવ્યો જ્યારે જનનીના
ખોળામાં, વછુટ્યું
સ્તન માંથી ધાવણ
પોતાના નવજાતને
પોષતી એ મા, વિસરી ગઈ
પ્રસુતિની સઘળી વેદના...
-- દક્ષા દવે 'રંજન'

-------------------------------------

શીર્ષક:. " હું છું એક મા."

હતી હું પુત્રી પત્ની પુત્રવધુ પહેલા,
થયો તારો જન્મ અને સાથે જન્મી મા.
આવ્યો જ્યારે તું મારી ગોદમાં,
હું બની ગઈ એક મા,
હું છું એક મા ,સદાય રહીશ મા.
ના કોઈ પુસ્તક, ના કોઈ શાળા,
તારો ઉછેર એ જ અનુભવ મારા,
જે હતો મારો જીવનબોધ,
એમાંથી આપ્યો તને બોધ,
હું છું એક મા, સદાય રહીશ મા.
સીમિત હતી બુદ્ધિને સમજ મારી,
નથી કહેતી કે હું હતી સદાય સાચી ,
તને લાગી હોય મારી સમજ અપૂર્ણ,
પણ એમાં હતો મારો પ્રેમ સંપૂર્ણ,
હું છું એક મા ,સદાય રહીશ મા.
શોધ્યું સુખ મેં તારા સુખમાં,
આંસુડા સાર્યા મેં તારા દુ:ખમાં,
હું છું માનવી ,નથી પરમાત્મા,
કરીશ ના સંશય કદી મારા પ્રેમમાં,
હું છું એક મા સદાય રહીશ મા.
રૂપલ શાહ ગાંધીનગર

________________'________________

શીર્ષક : " મા..'

મા તું અનન્ય છે...
તને, મા ,માવડી,માડી,આઈ,અમ્મા....
બધી ભાષામાં તું મહાન ને સર્વોચ્ચ છે..
તું અજોડ છે...
હિંદુ, મુસ્લિમ, શિખ, ઈસાઈ, પારસી કહવ
બધી જાતીમાં..
મા તું કરુણાની મુર્તિ છો..
શ્વેતવણી કે શ્યામ રંગી ચામડીમાં ...
મા તારુ દૂધ શ્વેત જ છે..
રકત પણ લાલ જ છે..
તું અદ્વિતિય છે. ...
દુનિયાનાં દરેક ખૂણામાં તારો જોટો નથીં..
વિશ્વમાં દરેક દેશમાં ..
તારુ સ્થાન અચલ છે..
તું અમૂલ્ય છો..
તારા મમતા "નિઃ શબ્દ" છે..
કાર્યે તારા ઉમદા ,
એની તોલે કોઈ ના આવે..
ને તારુ કાર્યે તો મૌન સેવા..
આખા વિશ્વની દાતા.
આનંન્દદાયી..
એટલે જ મા...
તું કલ્પનીય મહાન તારી તોલે કોઈના કદીય
આવે. થાકે ના કદીયે..
રાગીની શુકલ,"રાઘુ"
(મુંબઈ ,કાંદિવલી.)
(આવતીકાલે ગદ્ય વિભાગ)

### કોવીડ-૧૯ ની ગાઈડ લાઈન વચ્ચે કેશોદ પોલીસ સ્ટેશનમાં ઉજવાયો જન્મ દિવસ

# સામાન્ય નાગરિકોને દંડતી પોલીસ સામે જીલ્લા પોલીસ વડા સૌરભસિહ પગલાં ભરશે...?

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ ફેલાતો અટકાવવા સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડ લાઈન મુજબ કડક અમલવારી કરાવવાં માટે પોલીસ કર્મચારીઓ ને જવાબદારી સોંપવામાં આવી છે. પોલીસ દ્વારા ગાઈડ લાઈન નું પાલન ન કરવામાં આવતું હોય તો આવાં વ્યક્તીઓ વિરુદ્ધ આઈપીસી કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. કોરોના વાયરસ સંક્રમણ થી ફેલાતો અટકાવવા માટે લાગું કરવામાં આવેલ લોકડાઉન માં તંત્ર દ્વારા નિયમિત ગુન્હા નોંધવામાં આવી રહ્યાં છે અને દંડ વસૂલ કરવામાં આવી રહ્યાં છે. કોવીડ-૧૯ નાં વધતાં જતાં કેસોમાં કોરોના વાયરસ ને જાકારો આપવા કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને તમામ અધિકારીઓ- કર્મચારીઓ દિવસ



રાત જોયાં વગર યોધ્ધા બની લડી રહ્યા છે ત્યારે કેશોદ પોલીસ સ્ટેશનમાં જન્મ દિવસ ની ઉજવણી કરવામાં આવતાં સામાન્ય નાગરિકો માં રોષ ફેલાયો છે. કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બે કોન્સ્ટેબલ નો જન્મ દિવસ હોય ત્યારે પોલીસ સ્ટેશનમાં જ ખુલ્લાં મેદાનમાં સરકારી ટેબલ પર કેક કાપી અધિકારીઓ અને કર્મચારીઓની હાજરી માં કોવીડ-૧૯ ની ગાઈડ લાઈન નું સરેઆમ ઉલ્લંઘન કરી ઉજવવામાં આવેલ અને ફોટોગ્રાફ સ્ટેટ્સ માં અપલોડ કરી કાયદાનાં રક્ષકો ને કાયદો લાગું પડતો નથી એવો સંદેશો જાહેર જનતાને આપવામાં આવ્યો હતો. કેશોદ શહેરમાં કોરોના વાયરસ ફેલાતો અટકાવવા સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડ લાઈન નું ચુસ્તપણે પાલન કરાવવામાં ન આવતું હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી ત્યારે જુનાગઢ જિલ્લા પોલીસ વડા સૌરભસિહ કેશોદમાં કાફલા સાથે પહોંચી ત્રણેક વખત અડધો અડધો દિવસ સમય ફાળવી ગંભીરતાપૂર્વક પગલાં લીધાં છે અને ગાઈડ લાઈન ભંગ હેઠળ ગુન્હા નોંધવામાં આવ્યાં છે ત્યારે કેશોદ પોલીસ સ્ટેશનમાં પોલીસ દ્વારા જ સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાની ચિંતા કર્યા વગર અને મોં પર માસ્ક પહેર્યા વગર ચાર થી વધારે વ્યક્તિઓ એકઠાં થઈ જન્મ દિવસ ઉજવવામાં આવેલ છે ત્યારે કેશોદ પોલીસ શંકાના દાયરામાં આવી છે. કેશોદ શહેરમાં જાહેરનામાં ભંગ અંગેની ફરિયાદ અને માસ્ક ન પહેર્યાં ની ફરિયાદ ઉપરાંત વાહનો ડીટેઈન કરવાની ફરિયાદ નિયમિત કેશોદ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે અને શહેરીજનો ને ગાઈડ લાઈન નું ચુસ્તપણે પાલન કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવે છે ત્યારે કેશોદ પોલીસ દ્વારા જ ગાઈડ લાઈન નું પાલન ન કરવામાં આવતાં અમે કરીએ એ લીલા અને તમે કરો એ પાપ ઉક્તિ મુજબ સાબિત કરી બતાવ્યું છે . કોરોના વાયરસ ની ભયંકર બિમારી વચ્ચે ગંભીર પરીસ્થિતી માં કેશોદ પોલીસ સ્ટેશનમાં જન્મ દિવસ ની ઉજવણી કરનારાં પોલીસ કર્મચારીઓ અને જોડાયેલા સહકર્મચારીઓ સાથે કાયદેસરની કાર્યવાહી જીલ્લા પોલીસ વડા સૌરભસિહ દ્વારા કરવામાં આવશે કે કેમ તે આવનારાં દિવસોમાં ખબર પડશે. સામાન્ય નાગરિકો નાં મોર બોલનારા જ જ્યારે કાયદાનાં પિંજરામાં આવ્યાં છે ત્યારે જીલ્લા પોલીસ વડા સૌરભસિહ પગલાં ભરીને શહેરીજનો માં કાયદો દરેક વ્યક્તિને લાગું પડે એવો સંદેશો પહોંચાડી લોકોમાં વ્યાપેલો રોષ દુર કરશે ખરાં...! જુનાગઢ જિલ્લા પોલીસ વડા કેશોદ પહોંચી તપાસ હાથ ધરી... કેશોદ: કેશોદ પોલીસ સ્ટેશનમાં રાત્રીના ઉજવવામાં આવેલ જન્મ દિવસ ની પાર્ટી અંગે જીલ્લા પોલીસ વડા સૌરભસિહ કેશોદમાં પહોંચી બર્થ-ડે પાર્ટીમાં હાજર તમામ નાં નિવેદનો અને કેકનો ઓર્ડર કોણે આપ્યો તેમજ બર્થ-ડે પાર્ટીમાં હાજર રહેવા આમંત્રણ કોણે આપ્યું તમામ પાસાઓ તપાસી જવાબદાર દરેક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે એવું જણાવ્યું હતું.

# ભિલોડા પોલીસે કુખ્યાત બુટલેગરના ઘરેથી ૭.૩૪ લાખ અને તેના સાગરીતને ઘરેથી ૩૬ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના મહામારીને લઈને લોકડાઉન ૧૭ મે સુધી યાથવત રહેતા પોલીસતંત્ર લોકડાઉનની અમલવારી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કમરકસી રહી છે બીજીબાજુ બુટલેગરો પોલીસતંત્રની વ્યસ્તતાનો ફાયદો ઉઠાવી રહ્યા છે ઉત્તર ભારતના રાજ્યોમાંથી કન્ટેનર અને વિવિધ વાહનો મારફતે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ અરવલ્લી જીલ્લાના શામળાજી, ભિલોડા અને મેઘરજના રાજસ્થાન રાજયને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં ઠાલવી કટિંગ કરી ગુજરાતમાં ઠાલવવામાં આવી રહ્યો છે દારૂ કટિંગનો ધંધો કરતા બુટલેગરો પોલીસ પર હુમલો કરતા પણ ખચકાતા નથી ભિલોડાના ડોડીસરા ગામના કુખ્યાત અને પોલીસ પર રેડ કરવા ટેવાયેલા સુકો ઉર્ફે ભંવરલાલ બાબુભાઈ ડુંડના ઘરે મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવામાં આવ્યો





હોવાની બાતમી ભિલોડા પોલીસને મળતા નવનિયુક્ત ડીવાયએસપી ભરત બસિયા, ભિલોડા પોલીસ, એસઓજી અને પેરોલ ફર્લો પોલીસે સંયુક્ત રેડ કરી ૭.૩૪ લાખનો વિદેશી દારૂ સાથે ૧૮.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો બુટલેગરના સાગરીતને ઘરે થી ૩૬ હજારનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો

ભિલોડા પીએસઆઈ કે.કે.રાજપૂત ને ડોડીસરના માથાભારે બુટલેગર સુકા ઉર્ફે ભંવરલાલ ડુંડના ઘરે મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠલવાયો હોવાની બાતમી મળતા બુટલેગરે અગાઉ પોલીસકર્મીઓ પર જીવલેણ હુમલો કરેલ હોવાની સાથે અંતરિયાળ વિસ્તારમાં હોવાથી પોલીસતંત્ર કોઈ રિસ્ક લેવા ન માંગતા ડીવાયએસપી ભરત બસિયા,એસઓજી પીઆઈ ભરવાડ પેરોલ ફર્લો પીએસઆઈ સીસોદીયા , ટ્રાફિક પોલીસ અને ટ્રાફિક પોલીસ સાથે સંયુક્ત રેડ કરી બુટલેગરના ઘર આગળ પાર્ક કરેલ બે પીકપડાલા,વર્ના કાર,અને ઘર આગળ બનાવેલ ઢાળિયામાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૮૩૬ કી.રૂ.૭૩૪૦૦૦/- તથા મુદ્દામાલ મળી કુલ રૂ.૧૮૩૫૪૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગરના સાગરીત માયકલ નગીનભાઈ ડામોરના ઘરેથી બિયારણ બોટલ-ટીન નંગ-૩૩૬ કીં.રૂ.૩૬૦૦૦/- નો જથ્થો જપ્ત કરી બંને બુટલેગરો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે પરપ્રાંતીય અને રાજયના ગાંધીનગર સુધી પહોંચ ધરાવતા બુટલેગરો હપ્તારાજની આડમાં અરવલ્લી જીલ્લામાં માર્ગે દર મહિને લાઈનો ચલાવી કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઠાલવી રહ્યા હોવાની વ્યાપક ચર્ચાઓ ઉઠી છે ત્યારે લોકડાઉનમાં વિદેશી દારૂના ભાવ ત્રણ થી ચાર ગણા બોલતા બુટલેગરોએ આવશ્યક ચીજ વસ્તુઓની આડમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ છે ત્યારે શામળાજી પંથકમાં લોકડાઉનના સમય દરમિયાન હરિયાણાના એક બુટલેગર ત્રણ કન્ટેનરમાં વિદેશી દારૂ ભરી ઠાલવ્યો હોવાની અને સ્થાનિક બુટલેગરો સાથે રાખી કટિંગ કરી વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ રાજ્યના બુટલેગરો ત્યાં ઠાલવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે લાખ્ખો-કરોડો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઠલવાય અને રાજયમાં જે તે બુટલેગરને પહોંચી પણ જાય અને અરવલ્લી પોલીસને ગંધ સુદ્ધાં ન આવે તે નવાઈ ઉપજે તેવી વાત છે.....!!!

### કોંગ્રેસે આશ્રિતોનું ભાડું ચૂકવવા તૈયાર છતાં તંત્રે યાદી ન આપી

# અરવલ્લી: વતનમાં રવાના થયેલા પરપ્રાંતીયો પાસેથી રૂ.૭૦૦ લેતા રાજકારણ ગરમાયુ

અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉનનો ત્રીજો તબક્કો પૂર્ણ થવાને ગણતરીના કલાકો બાકી હોવા છતાં શ્રમિકોની ધીરજ ખૂટી ગઈ છે. ન તો તેમની પાસે પૈસા છે કે ન તો ખાવાનો ખોરાક. અને હવે લોકડાઉન ક્યાં સુધી ચાલુ રહેશે તેનો પણ કોઈ અંદાજ નથી. જેને કારણે શ્રમિકો હવે પોતાની ધીરજ ગુમાવી બેઠાં છે. અને બીજી બાજુ સરકારની પણ નિષ્ફળતા છતી થાય છે. સરકારે શ્રમિકોની સદંતર અવગણના જ કરી છે. મજૂરો રસ્તા પર ઉતરી આવ્યા બાદ જ સરકારે ટ્રેન અને બસોની સેવા કરી છે. તે પણ જોઈએ તેટલાં પ્રમાણમાં નથી. લાખોની સંખ્યામાં વતન જવા માગતા મજૂરો માટે સરકારની વ્યવસ્થા ખોરંભે ચઢી છે.ત્યારે અરવલ્લી જીલ્લામાં રહેલા ૧૧૦૦ જેટલા પરપ્રાંતીય શ્રમિકોને વતન મોકલવા બસ મારફતે પાલનપુર જવા રવાના કરતા પહેલા શ્રમિકો પાસેથી ૭૦૦ રૂપિયા રેલવેની ટિકિટ આપી ખંખેરવમાં આવ્યા હોવાના વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા પરપ્રાંતીય શ્રમિકોને વતન મોકલાવ સરકાર ખર્ચ ઉઠાવી રહી છે અને કોંગ્રેસ પરપ્રાંતીય શ્રમિકોનું ભાડું ચુકવશેના દાવા પોકળ સાબિત થઇ રહ્યા છે હાલતો રાજકીય



હુંસાતુંસીમાં શ્રમિકોની અને તંત્રની હાલત સુડી વચ્ચે સોપારી જેવી બની છે અરવલ્લી કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહે જણાવ્યું હતું કે જીલ્લામાં રહેતા ૧૧૦૦ જેટલા પરપ્રાંતીય લોકોને ૪૦ જેટલી એસટી બસ મારફતે પાલનપુર રેલવે સ્ટેશન મોકલવાની કામગીરી વહીવટી તંત્રએ કરતા શ્રમિકોના ખબર-અંતર પૂછવા કોંગ્રેસના ધારાસભ્યો અને કોંગ્રેસના અગ્રણીઓ સાથે અમે બસ સ્ટેન્ડની મુલાકાત લેતા શ્રમિકોએ તેમની પાસેથી બસના ભાડા પેટે ૭૦૦ રૂપિયા ઉઘરાવ્યા હોવાની રજુઆત કરતા સરકારની બેધારી નીતિ સામે રોષ ઠાલવી તંત્રને શ્રમિકો પાસેથી કોઈપણ જાતનું ભાડું વસુલવામાં ન આવે તંત્ર ભાડાની કોઈ વ્યવસ્થા ન કરતુ હોય તો કોંગ્રેસ શ્રમિકોનું ભાડું ચૂકવવા તૈયાર હોવાનું જણાવ્યું હતું તેમ છતાં તંત્રએ યાદી આપી ન હતી અને આજે રવાના બસ મારફતે રવાના થયેલા પરપ્રાંતીયો બસમાં બેસતાની સાથે રેલવેની ટિકિટ હાથમાં પકડાવી ૭૦૦ રૂપિયા લેવામાં આવતા ખુબ જ દુઃખદ ઘટના ગણાવી હતી

બીજીબાજુ મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે પરપ્રાંતીય શ્રમિકોને વતન મોકલવા માટે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રે ફૂડ પેકેટ અને પાણીની વ્યવસ્થા સાથે સ્ક્રીનિંગ કરી મોકલવામાં આવતા તંત્રની કામગીરીની સરાહના કરી હતી અરવલ્લી માંથી પરપ્રાંતીય શ્રમિકોને બસમાં રવાના કરતા પહેલા દરેક પરપ્રાંતીય શ્રમિક પાસેથી તંત્રે ૭૦૦ રૂપિયા રેલવે ટિકિટના ખંખેર્યા હોવાના વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા સરકાર સામે લોકોએ ફિટકાર વરસાવી હતી સરકારની બેધારી નીતિ સામે પણ લોકોએ આક્રોશ ઠાલવ્યો હતો.

### પતિની ઐયાશીથી કંટાળી પત્નીએ આત્મહત્યા કરી

# માલપુરના તલાવડી ગામની ૩૧ વર્ષીય પરણીતાએ વાત્રક ડેમમાં ઝંપલાવ્યું

અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉનમાં આત્મહત્યા ના બનાવોમાં નોંધપાત્ર વધારો થઇ રહ્યોં છે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના સાલમબાપુના પહાડીયા (તલાવડી ) ગામની ૩૧ વર્ષીય પરણિત મહિલાએ લફરાબાજ અને રખડતા પતિને સાસુ-સસરા પણ છાવરતા હોવાની સાથે ઉપરાણું લઇ માનસિક અને શારીરિક ત્રાસ આપતાં અસહ્ય બનેલા ત્રાસ થી કંટાળી વાત્રક ડેમમાં જંપલાવી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી યુવતીના પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવી આક્રંદ કરી મુક્યું હતું માલપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલાની લાશને પાણી માંથી બહાર કાઢી પીએમ માટે માલપુર સરકારી દવાખાને ખસેડી મૃતક મહિલાના પતિ અને સાસુ સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા તાલુકાના મુલોજ (નાદરી) ગામની ઉષાબેન ડામોર ના લગ્ન માલપુર તાલુકાના સાલમબાપુના પહાડીયા (તલાવડી ) ગામના કનુભાઈ સોમાભાઈ બારીયા સાથે સામાજિક રીતરિવાજ મુજબ થયા હતા સુખી સંસારના ભાગરૂપે એક પુત્રનો જન્મ થયો હતો લગ્નના થોડા સમય પછી કનુભાઈને કોઈ છોકરી સાથે આડા સંબંધ બંધાતા ઉષા બેન સાથે મારઝૂડ કરતો હતો અને રખડી ખાતો હોવાથી અને કનુભાઈનું ઉપરાણું લઈ તેમના સાસુ સસરા પણ મારઝુડ કરતા હોવાની સાથે શારીરિક અને માનસિક ત્રાસ આપી વારંવાર તારે ઘરમાં રહેવાનો અધિકાર નથી ગમે ત્યાં જઈ મરી જવાનું કહેતા અસહ્ય બનેલા ત્રાસ થી કંટાળી મહિલાએ નજીકમાં આવેલા વાત્રક ડેમમાં જંપલાવી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી ગામમાં વાત્રક ડેમમાં ઉષાબેનની લાશ તરતી હોવાની જાણ થતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા મહિલાના પિયરપક્ષ ને જાણ થતા મોટી સંખ્યામાં ઘટનાસ્થળે પહોંચી રોકોક્કળ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી મહિલાએ વાત્રકડેમ માં જંપલાવી આત્મહત્યા કરી લીધી હોવાની જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલાની લાશને પીએમ માટે ખસેડી હતી મહિલાએ આત્મહત્યા કરી લેતા અને પિતા અને દાદા-દાદી સામે ગુન્હો નોંધાતા પુત્ર નોધારો બન્યો હતો . માલપુર પોલીસે ભાથીભાઈ સરદારભાઈ ડામોર (રહે,મુલોજ ) ની ફરિયાદના આધારે કનુ સોમાભાઈ બારીયા (પતિ),સોમાભાઈ પુંજાભાઈ બારીયા (સસરા) અને સોનીબેન પુંજાભાઈ બારીયા (સાસુ) વિરુદ્ધ ઈપીકો કલમ-૩૦૬,૩૨૩,૪૯૮(ક),૫૦૪ ,૫૦૬ (૨),૧૧૪ મુજબ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# આજથી સમગ્ર રાજ્યમાં રાશન વિતરણ થશેઃ રાજ્ય સરકાર

ગાંધીનગર,તા.૧૬

રાજ્યમાં કોરોના વાયરસ અને લૉકડાઉન વચ્ચે શ્રમિકોની વતન વાપસી, જરૂરીયાતની વસ્તુનો પુરવઠો જેવી અનેક બાબતે મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે પત્રકાર પરિષદ યોજીને મહત્વની જાણકારી આપી હતી. તેમણે કહ્યુ કે, આવતીકાલથી સમગ્ર રાજ્યમાં અનાજ વિતરણ કરવામાં આવશે. તમામ લોકોને સસ્તા અનાજની દુકાન પરથી અનાજ મળશે. આ સાથે પશુપાલકોને પશુદીઠ ૨૫ રૂપિયાની સબ્સિડી આપવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર દ્વારા તેમને આ સબ્સિડી આપવામાં આવશે. જે લોકોના રેશનકાર્ડનો છેલ્લો આંકડો ૧ હોય તેને કાલે રાશન આપવામાં આવશે. રાજ્યમાં ૧૭થી ૨૭ મે સુધી રાશન વિતરણ કરવામાં આવશે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે કહ્યુ કે, આવતીકાલ ૧૭ મેથી ૨૭ મે સુધી રાજ્યમાં અનાજ વિતરણ કરવામાં આવશે. આવતીકાલથી સમગ્ર રાજ્યમાં રાશન વિતરણનો પ્રારંભ થશે. જે લોકોના રેશન કાર્ડનો નંબર છેલ્લે ૧ હોય તેમનો કાલે અનાજ આપવામાં આવશે. કોરોના વાયરસ અને લૉકડાઉનના સમયમાં રાજ્ય સરકારે પશુપાલકો માટે મહત્વનો નિર્ણય લીધો છે. અશ્વિની કુમારે કહ્યુ કે, રાજ્ય સરકારે પશુદીઠ ૨૫ રૂપિયાની સહાય જાહેર કરવામાં આવી છે. તેમણે કહ્યુ કે, જિલ્લા કલેક્ટર દ્વારા આ સહાય ચુકવવામાં આવશે.

ગુજરાતમાંથી અત્યાર સુધી ૩૯૬ શ્રમિક ટ્રેન ચાલી છે. જેમાં ૫.૪૨ લાખ શ્રમિકોને પોતાના વતન પહોંચાડવામાં આવ્યા છે. તો તેમણે કહ્યુ કે, આજે વધુ ૫૦ ટ્રેન રવાના થવાની છે. જેમાં ૭૮ હજાર લોકોને પોતાના વતન પહોંચાડવામાં આવશે.



નિસ્વાર્થ સેવા સંગઠનના ના માધ્યમ થી પાલનપુર વૃધ્ધાશ્રમમાં રુદ્ર યજ્ઞ કરવામાં આવ્યો દવા કામ ન આવે તો દુઆ કામ આવશે એ અનુસંધાને વૃદ્ધાશ્રમમાં વૃદ્ધો વચ્ચે રહી વૃદ્ધો દ્વારા અને પાલનપુર ના સામાજિક આગેવાનો દ્વારા આહૂતિ આપવામાં આવી બનાસકાંઠા જિલ્લાપંચાયત પ્રમુખ પીનલબેન ઠાકોર ડો,સુરેન્દ્રગુપ્તા રાજેન્દ્રસ્વામી નિસ્વાર્થ સેવા સંગઠન પ્રમુખ શ્રી નિતીનભાઈઠાકોર આર.ડી.જોશી ગૌરાંગભાઈ આશાબેનરાવલ ઠાકુરદાસ ખત્રી મન અગ્રવાલ જાગૃતીબેન મહેતા રૂપેશગુપ્તા જેવા આગેવાનો ઉપસ્થિત રહી કોરોના જેવી વૈશ્વિક મહામારી થી બચવા યજ્ઞની શરૂઆત કરવામાં આવી કોરોના વૈશ્વિક મહામારી થી પ્રભાવિત બનેલા તમામ લોકોના સારા સ્વાસ્થ્ય માટે અને દીર્ઘાયુષ્ય માટે નિસ્વાર્થસેવાસંગઠન ના માધ્યમથી આજે જ્ઞાની બ્રાહ્મણ ધનેશભાઈ સાથે રાખી કોરોના જેવી વૈશ્વિક મહામારી થી લડવા માટે યજ્ઞ કરી આહુતિ આપવામાં આવી બનાસકાંઠાજિલ્લા સાથે સાથે સમસ્ત ગુજરાત કોરોના વાયરસ મુક્ત બને એ પ્રાર્થના સાથે યજ્ઞ પૂર્ણ કરવામાં આવ્યો.

### ટેસ્ટ્સ વિશે બફાટ કરતા પહેલા આંકડા ચેક કરો!

# ટ્વિટર પર ગપ્પાં મારતાં અહેમદ પટેલને CM રૂપાણીનો સણસણતો જવાબ

**ગુજરાતમાં ટેસ્ટ્સની સંખ્યા હરગીઝ ઘટી નથી, રાષ્ટ્રીય સરેરાશ કરતા અને અનેક રાજ્યો કરતા ટકાવારી ઊંચી જ છે!**

આજે ટ્વિટર પર કોંગ્રેસના અહેમદ પટેલે એવું ગપ્પું હાંકયું હતું કે, ગુજરાતમાં કોરોનાનાં ટેસ્ટ્સની સંખ્યા સતત ઘટી રહી છે અને એ રાષ્ટ્રીય પોલિસીની વિરુદ્ધ છે! આવા ગપ્પાંનો CM રૂપાણીએ તત્કાળ ટ્વિટર પર જ સણસણતો જવાબ આપ્યો હતો કે, ગુજરાતમાં ટેસ્ટ્સની સંખ્યા ઘટી નથી, પહેલા તમે રજૂ કરેલા અંકડાઓનો સ્ત્રોત તપાસી લો, એ વાસ્તવિકતાથી અને ધરાતલથી જોજનો દૂરના છે! ટ્વિટની સાથે CM રૂપાણીએ એક ઈમેજ પણ મૂકી છે-જેમાં સાચા આંકડાઓ અપાયાં છે. આ આંકડા પરથી પુરવાર થાય છે કે, ગુજરાતમાં ટેસ્ટ્સની સંખ્યા દર દસ લાખ વ્યક્તિ દીઠ ભારતમાં થતા સરેરાશ ટેસ્ટ્સ કરતા ક્યાંય વધુ છે. ૧૬ મે સુધીમાં અમદાવાદમાં ૫૨૩૭૭ ટેસ્ટ્સ થયા છે જે મુજબ દર મિલિયન (દસ લાખ) લોકો દીઠ ૬૪૧૯ છે. સુરતમાં ૨૩૯૨૮ થયા, જે મિલિયન દીઠ ૩૪૭૯ છે, વડોદરામાં ૬૭૩૧ થયા, જે મિલિયન દીઠ ૨૦૪૮ છે. ગુજરાતમાં કુલ ૧,૨૭,૮૫૯ ટેસ્ટ્સ થયાં, જે મિલિયન દીઠ ૧૯૪૩ છે. જ્યારે સમગ્ર ભારતમાં કુલ ૨૦,૩૯,૯૫૨ ટેસ્ટ્સ થયા છે. જેની સરેરાશ દસ લાખ વ્યક્તિ દીઠ ૧૪૭૮ છે. આમ, ગુજરાતમાં ટેસ્ટ્સ ઘટી રહ્યાની અફવા ફેલાવી ને કોંગ્રેસ દેશને અને ગુજરાતને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે.

### અરવલ્લી કલેક્ટરને આવેદન પાત્ર આપ્યું

# ભારતીય કિસાન સંઘે સાબરકાંઠા પોલીસે ખેડૂતો પર ત્રાસ ગુજારાતાં આવેદનપત્ર આપ્યું

અરવલ્લી બ્યુરો મોડાસા

હાલ કોરોના કહેર ચાલી રહ્યો છે. ત્યારે બે જિલ્લા વચ્ચે અવર જવર પર પ્રતિબધ લાદવામાં આવ્યો છે. પરંતુ બે જિલ્લા વચ્ચેના કેટલાક ગામ એવા હોય છે કે તે ગામોમાં તમામ વ્યવહારો રાખવામાં આવતા હોય છે. અરવલ્લીના રમોસ ગામના ખેડૂતો નજીકમાં જ આવેલ રણાસણ ગામે ખેતી માટે ડિઝલ લેવા જતાં સાબરકાંઠા પોલીસ દ્વારા માર મારવામાં આવ્યો હતો. ત્યારે ભારતીય કિસાન સંઘ અરવલ્લી જિલ્લા શુક્રવારના રોજ અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદન આપી પોલીસકર્મીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માંગ કરી હતી.

ભારતીય કિસાન સંઘ અરવલ્લીના પ્રમુખ જીવાભાઈ કે.લટા અને મંત્રી પ્રેમજીભાઈ પટેલ તેમજ સંઘના હોદ્દેદારોએ શુક્રવારના રોજ મુખ્યમંત્રીને ઉદ્દેશીને અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર



આપ્યું હતું. જેમાં જણાવ્યું હતું કે રમોસ ગામના ખેડૂત રણાસણ ખાતે ડિઝલ લેવા ગયા હતા ત્યારે સાબરકાંઠા પોલીસે માનવતા નેવે મુકીને દંડાવાળી કરતાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો. જેને પગલે આવું શર્મશાર કૃત્ય કરવા બદલ પોલીસકર્મીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે અને સમગ્ર ઘટનાની ન્યાયીક તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠાવી હતી. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ખેડૂત ભારે જહેમત ઉઠાવીને ખેત પાક લેતો હોય છે ત્યારે જરૂરી વસ્તુઓ લેવા માટે તેને બહાર નિકળવાની ફરજ પડતી જ હોય છે ત્યારે તેઓ સામે આવા પગલાં લેવામાં આવે તે યોગ્ય નથી. બીજી બાજુ ખેડૂતે પકવેલ માલ વેચવા માટે ખરીદ કેન્દ્રોમાં પણ બારદાન નથી, મજૂર નથી તેમ કહીને માલ લેવાતો નથી. એક તરફ લોન ધિરાણ ભરવાની તારીખ નજીકમાં જ છે અને ખેડૂત પાસે પૈસા નથી તો ધિરાણ ઓટો રીન્યુ થાય તેવી પણ માગણી કરવામાં આવી હતી.




### મોડાસામાં લોકડાઉનમાં ખનીજ માફિયાઓ બેફામ

# રેતી-કપચી ની હેરાફરી કારી કોરોનાને આમંત્રણ આપી રહ્યાં છે



અરવલ્લી બ્યુરો મોડાસા

લોક ડાઉન ના કારણે તમામ ધંધા રોજગાર બંધ છે તેમ છતાં કેટલાક લોકો પોતાની સાંઠ ગાંઠના કારણે બે રોક ટોક ધંધો કરી રહ્યા છે. મોડાસા નગરમાં ખાણ ખનીજ વિભાગ ની ઢીલી નીતીના કારણે ખનીજ માફીયા ફુલ્યાફાલ્યા છે. લોક ડાઉન સમયે પણ રેતી કપચી ની હેરાફેરી કરવામાં આવી રહી છે. જ્યાં સામાન્ય માણસનો ધંધો રોજગાર બંધ છે ત્યાં આવા તત્વો વિજાપુર અને અન્ય જગ્યાઓ થી રેતી મંગાવે છે અને વેચે પણ છે. કોરોનાના સમય માં બહાર ના ડ્રાઈવર અને ક્લીનર કોઇ વિસ્તારમાં આવે અને સંક્રમણ પણ ફેલાવી શકે છે ત્યારે આ તત્વો ને કોણ છાવરી રહ્યુ છે તે એક મોટો પ્રશ્ન છે .

રેતી કપચી લાવી તેનો સંગ્રહ ગેર કાયદેશર રીતે ખુલ્લા પ્લોટોમાં કરવામાં આવે છે ત્યાં થી પછી ઉંચા ભાવે ટ્રેકટર મારફતે કાટ'ગ કરવામાં આવે છે મોડાસા નગરમાં પહાડપુર રોડ ના નાકા પર આવેલ એક સોસાયટીના પ્રવેશ દ્વાર આગળ જ એક રેતી કપચી ના કોન્ટ્રાકટર એ ગેરકાયદેસર ગોડાઉન બનાવ્યુ છે. આ સોસાયટી ના રહિશો પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે .રહિશો ના ઘર આગળ જ રેતી કપચી ના મસ મોટા ઢગલા કરી દેવામાં આવ્યા છે સતત ટ્રેકટર અને ટ્રક-ડમ્પરની આવન-જાવન ચાલુ રહેતા લોકો તોબા પોકારી ઉઠ્યા છે

મહત્વની બાબત એ છે કે ટ્રેકટરમાં રેતી કપચી ની હેરા ફેરી કરવા માટે પણ ખાણ ખનીજ વિભાગમાં અગલ થી રોયલટી ભરવાની હોય છે પરંતુ માસીક હપ્તા થી બધુ સેંટીંગ થઇ જતું હોવાની લોકમુખે ચર્ચાઈ રહ્યું છે સામાન્ય દિવસોમાં પણ અરવલ્લી જિલ્લામાં હેરાફેરી કરતા મોટા ભાગના ટ્રેકટર પાસે રોયલ્ટી પાસ હોતા નથી .લોક ડાઉન દરમ્યાન જ્યારે બધુ જ કામ બંધ છે ત્યારે આ રેતી કપચી ક્યાં લઇ જવામાં આવે છે ? કઇ સાઇટો ચાલુ છે ? શુ લોક ડાઉન નો નિયમ આ બિલ્ડરોને લાગુ નથી પડતો? તેવી ચર્ચા ચારેકોર થઇ રહી છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.